| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૧.૦૯.૨૦૧૭ | | |
| નોંધણી તારીખ | ૦૧.૦૯.૨૦૧૭ | | |
| ફેસલ તારીખ | ૨૩.૦૬.૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૮ | ૦૯ | ૨૨ |

-----------------------------------------------

ભરૂચના મહેરબાન સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : ભરૂચ.

-----------------------------------------------

**<u>સેસન્સ કેસ નંબર : ૨૭/૨૦૧૭</u>**

**આંક–**

ફરિયાદી :– શ્રી સ ર કા ર

...વિરૂધ્ધ...

આરોપીઓ :– ૧. જુનેદ ઉર્ફે બટકો શબ્બીરભાઈ બેલીમ
રહે.હાલ ઘર નં.૧, ગ્રીન સીટી સોસાયટી,
જોલવા, તા.વાગરા,જી.ભરૂચ.
મુળ રહે.દહેજ,તા.વાગરા,જી.ભરૂચ.
૨. કલ્પેશભાઈ ભગવાનદાસ જગતાપ
રહે.લાલ કોલોની, કોસમડી,તા.અંકલેશ્વર,જી.ભરૂચ.

ગુન્હો :– ઇ.પી.કોડની કલમ–૩૦૨,૨૦૧,૧૨૦(બી) તથા
જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ

:::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.સુશ્રી એન.એમ.મિસ્ત્રી
આરોપીઓ તરફે વિ.વકીલશ્રી આર.ટી.પ્રજાપતિ

:::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૨૪.૦૨.૨૦૧૭ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૦૩.૦૫.૨૦૧૭ |

| | |
|---|---|
| ચાર્જશીટની તારીખ | ૨૨.૦૭.૨૦૧૭ |
| ચાર્જ ફ્રેમ કર્યાની તારીખ | ૨૪.૦૧.૨૦૧૮ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૦૮.૦૮.૨૦૨૫ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | ૦૨.૦૬.૨૦૨૬ |
| હુકમની તારીખ | ૨૩.૦૬.૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | – |

## <u>આરોપીઓની વિગત</u>

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડ કર્યાની તારીખ | જામીન ઉપર મુકત થયાની તારીખ | જે ગુન્હાનો આરોપ મુકયો છે તે ગુન્હો | નિર્દોષ કે દોષિત | લાદવામાં આવેલી સજા | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ ના હેતુ માટે સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | જુનેદ ઉર્ફે બટકો શબ્બીરભાઈ બેલીમ | ૦૩/૦૫/૨૦૧૭ | ૦૯.૧૧.૨૦૧૭ | ઇ.પી.કોડની કલમ–૩૦૨, ૨૦૧, ૧૨૦(બી) તથા જી.પી.એકટ ની કલમ–૧૩૫ મુજબ | નિર્દોષ | – | – |
| ૨ | કલ્પેશભાઈ ભગવાનદાસ જગતાપ | ૦૩/૦૫/૨૦૧૭ | ૨૮.૦૩.૨૦૧૮ | | નિર્દોષ | – | – |

## <u>–:: ચુ કા દો ::–</u>

(૧) ફરિયાદ પક્ષના કેસની હકીકત ટૂંકમાં એવી છે કે, આ કામના મરણજનાર હસન અહમદ શેખ કે જેઓ લોકોને મકાન ભાડે અપાવી તેના બદલામાં કમિશન લેતા હોય અને આ કામના આરોપી નં.૧ જુનેદ ઉર્ફે બટકો શબ્બીરભાઈ બેલીમનાઓ પણ લોકોને મકાન ભાડે અપાવી તેના બદલામાં કમિશન લેવાનો ધંધો કરતા હોય અને આરોપી નં.૧ ને તેના કારણે પોતાના ધંધામાં નુકશાન થતુ હોય જેથી તેની રીસ રાખી આરોપી નં.૧ નાએ ફરિયાદીના પતિ હસન અહમદ શેખને પોતાની પાસેના મો.૭૦૯૬૩૮૯૩૭૬ ઉપરથી ફરીયાદીના પતિ હસનભાઈને તેમના મો.૯૯૨૪૧૩૭૮૫૭ ઉપર અવારનવાર સંપર્ક કરી મકાન ભાડે અપાવવાની વાત કરવાની છે તેમ કહી

પોતાના પુર્વ આયોજીત કાવતરા મુજબ તા.૨૪.૦૨.૨૦૧૭ ના રોજ આરોપી નં.૧ નાએ પોતાની પાસેના મોબાઇલ નં. ૭૦૯૬૩૮૯૩૭૬ ઉપરથી ફરિયાદીના પતિ હસનભાઈને તેમના મોબાઇલ નં. ૯૯૨૪૧૩૭૮૫૭ ઉપર કોલ કરી જોલવા ગામની સીમમાં આવેલ જી.આઈ.ડી.સી. માં આવેલ યુનિટોપ કંપનીના કમ્પાઉન્ડ વોલવાળા પ્લોટ આગળ બોલાવેલા. જેથી મરણજનાર જવા માટે તૈયાર થતા આરોપી નં.૧ નાએ મરણજનારને જણાવેલ કે જોલવા ગામના ૧ નંબરમાં ગેટ આગળ ઉભા રહેજો તેઓ કલ્પેશને લેવા મોકલે છે તેમ કહી પોતાના પુર્વ આયોજીત કાવતરા મુજબ આરોપી નં.ર કલ્પેશ મરણજનારને મોટરસાયકલ ઉપર લઈ આવેલ. ત્યારબાદ આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૧ નાએ પોતાની પાસે રહેલ કુહાડી વડે મરણજનાર ઉપર હુમલો કરેલ અને તે સમયે આરોપી નં.ર નાએ મરણ જનારને પાછળથી પકડી રાખેલ અને આરોપી નં.૧ નાએ માથાના ભાગે બે ત્રણ કુહાડીના ફટકા મારી મોત નિપજાવી ત્યારબાદ લાશને કમ્પાઉન્ડમાં ફેકી દઈ પુરાવાનો નાશ કરવાની કોશિષ કરેલ. આ રીતે આરોપીઓએ ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુન્હો કરેલ છે.

(૨) ફરિયાદીની તા.૦૩.૦૫.૨૦૧૭ ના રોજની ફરિયાદના આધારે આ કામના આરોપીઓ વિરૂધ્ધ દહેજ પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ફસ્ટ ૧૭/૨૦૧૭ થી ઈ.પી.કોડની કલમ–૩૦૨, ૨૦૧, ૧૨૦(બી), તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો નોંધવામાં આવેલ. ત્યારબાદ આ કામના આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરવા જેટલા પુરાવા મળી આવતા વાગરાના વિ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી ફસ્ટ કલાસની કોર્ટમાં ઉપરોકત જણાવ્યા મુજબના ગુન્હાનું ચાર્જશીટ દાખલ કરવામાં આવતા તે ક્રિ.કે.નં.૭૭૨/૨૦૧૭ થી નોંધવામાં આવેલ. પરંતુ સદરહુ ગુન્હો ઇ.પી.કોડની કલમ–૩૦૨ મુજબના ગુન્હાનો હોઇ સદરહું ગુન્હાની ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની સેસન્સ કોર્ટને હોઇ વાગરાના વિ. જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી ફસ્ટ કલાસનાએ

સદરહુ કેસ સેસન્સ કોર્ટ, ભરૂચ ખાતે કમીટ કરવાનો હુકમ કરી રેકર્ડ સેસન્સ કોર્ટ, ભરૂચમાં મોકલી આપતા તે સેસન્સ કેસ નં.૨૭/૨૦૧૭ થી નોંધાયેલ. ત્યારબાદ આરોપીઓ સામેની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) સદરહું કામમાં આરોપીઓને પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ તા.૨૪.૦૧.૨૦૧૮ ના રોજ આરોપીઓ સામે આંક-૧૨ થી તહોમતનામુ ફરમાવેલ અને સદરહુ તહોમતામુ વાંચી, સંભળાવી, સમજાવતા આરોપીઓએ આંક-૧૩ અને આંક-૧૪ ના નિવેદનથી ગુન્હાનો ઈન્કાર કરતા કામ ફરિયાદ પક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ.

(૪) સદરહુ કામે ફરિયાદ પક્ષે આરોપીઓ સામેના આક્ષેપો પુરવાર કરવા માટે ૧૭ સાહેદો તપાસેલ છે તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

(૫) આ કામે ફરિયાદ પક્ષે ઉપર મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર આવ્યા બાદ આરોપીઓને બચાવ કરવાની પુરતી અને વ્યાજબી તક મળી રહે તે હેતુસર તેઓનું ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેતાં આરોપીઓએ ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવો ખોટો હોવાનું અને તેઓની સામે ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે અને આરોપીઓને વિશેષમાં કોઇ ખુલાસો કરવો છે તે અંગે પુછતા આરોપીઓએ જણાવેલ છે કે તેઓ તદન નિર્દોષ છે અને તેઓને કોઈ ગુનો કરેલ નથી. તેઓને સદર કેસમાં તદન ખોટી રીતે સંડોવી દીધેલ છે. આ કામે આરોપીઓએ સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના કોઇ સાહેદ તપાસેલા નથી તેમજ કોઇ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી.

<u>ફરિયાદ પક્ષની દલીલો</u>

(૬) ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની રજુઆત છે કે આ કામના આરોપીઓએ ષડયંત્ર રચી ફરિયાદીના પતિ હસનભાઇને કુહાડી વડે ગંભીર ઈજાઓ પહોંચાડી મારી નાંખી ખુન કરી તેઓની લાશ ફેંકી દઇ પુરાવાનો નાશ કરેલ હોવાનો આક્ષેપ છે. આ કામે બનાવના નજરે

જોનાર કોઇ સાક્ષી નથી, પરંતુ ફરિયાદ પક્ષે સાંયોગીક પુરાવાની સાંકળથી આરોપીઓ સામેનો કેસ પુરવાર કરેલ છે. આંક−૩૦ થી તપાસવામાં આવેલા ફરિયાદીના પુરાવા મુજબ બનાવ પહેલા આરોપી નં. ૧ નાએ ફોન કરીને તેઓના પતિને એટલે કે ગુજરનારને ભાડાનું મકાન જોઇએ છે તેવું જણાવીને બોલાવેલો અને ફરિયાદીના પતિને લેવા માટે આરોપી નં. ર ને મોકલેલો અને આરોપી નં. ર નાઓ ફરિયાદીના પતિને પોતાની સાથે લઇ ગયેલા ત્યારબાદથી ફરિયાદીના પતિ મળી આવેલા નહી જેથી તેઓની શોધખોળ કરતા તેઓની મોટરસાયકલ મળી આવેલ અને પોલીસને ગુમ થયાની જાણ કરતા પોલીસે તપાસ કરતા આ કામના આરોપીઓએ ફરિયાદીના પતિનું ખુન કરેલ હોવાનું ખુલવા પામેલ છે. આ કામના ફરિયાદીને આરોપીઓ સાથે કોઇ ઝઘડો ન હતો જેથી આરોપીઓને બનાવમાં ખોટી રીતે ફસાવી દેવા માટેનું કોઇ કારણ નથી તેમજ ફરિયાદીના પુરાવામાં શંકા ઉપસ્થિત થાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી જેથી ફરિયાદીનો પુરાવો નહી માનવા માટેનું કોઇ કારણ નથી. આ કામે તપાસવામાં આવેલા પંચો ફરી ગયેલા છે અને પંચનામાની હકીકતોને સમર્થખ કરેલ નથી, પરંતુ તપાસ કરનાર અધિકારીએ પોતાની જુબાનીમાં તમામ પંચનામા પંચોની હાજરીમાં કરેલ હોવાનો પુરાવો આપેલ છે. પોલીસે તપાસ દરમ્યાન આરોપીઓ અને ગુજરનારના મોબાઇલ ફોનના કોલ રેકોર્ડસની માહિતી મેળવેલ છે તે જોતાં પણ બનાવ પહેલા આરોપી નં. ૧ નાએ ગુજરનારને ફોન કરેલ હોવાનો અને બનાવ સમયે આરોપીઓ અને ગુજરનારની હાજરી એક જ લોકેશનમાં હોવાની હકીકતને સમર્થન મળે છે. જેથી મરણજનારનું ખુન થયુ તે સમયે આરોપીઓ અને મરણજનાર સાથે હતા તેવી હકીકત માનવાની રહે છે. આ કામે ફરિયાદીના પતિની લાશની ઓળખ થયેલ નથી, પરંતુ પોલીસે લાશ ઉપરથી કબજે કરેલ કપડા, કમર પટ્ટો, કાંડા ઘડીયાળ ફરિયાદીએ ઓળખી બતાવેલ છે અને મુદ્દામાલ તેઓના પતિએ તેઓ ઘરેથી નીકળેલા ત્યારે પહેરેલ હોવાનો

પુરાવો આપેલ છે. આ ઉપરાંત ફરિયાદીએ ગુજરનારના ચપ્પલ પણ ઓળખી બતાવેલ છે, જે ચપ્પલ આરોપીઓએ પોલીસ તપાસ દરમ્યાન કાઢીને રજુ કરેલા. વધુમાં આ કામે તપાસવામાં આવેલા ફરિયાદીના પુરાવામાં કોઈ પણ પ્રકારનો વિરોધાભાસ રેકર્ડ ઉપર આવેલ નથી તેમજ ઉલટ તપાસમાં પણ કોઈ વિરૂધ્ધની હકીકતો રેકર્ડ ઉપર આવેલ નથી. હાલના કેસના બનાવમાં ફરિયાદીના પતિનું ખુન થયેલ છે તેવા સંજોગોમાં ફરિયાદીના પુરાવામાં થોડી ઘણી અતિશયોકિત હોવાના કારણે ફરિયાદીનો પુરાવો શંકાસ્પદ બની જતો નથી. આ કામે રજુ થયેલ એફ.એસ.એલ. રીપોર્ટથી પણ ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન મળે છે. આ કામે તપાસ કરનાર અધિકારી પણ તેઓએ કરેલી તપાસને સમર્થનકારક હકીકતો જણાવી આરોપી સામે પુરતા પુરાવા હોઈ ચાર્જશીટ કરેલ હોવાનો પુરાવો આપેલ છે. આમ, ફરિયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર થતો હોઈ આરોપીને આક્ષેપીત ગુન્હા માટે તકસીરવાન ઠરાવી મહત્તમ સજા ફરમાવવા રજુઆત કરેલ છે.

<u>આરોપીઓ પક્ષે દલીલો</u>

(૭) આરોપીઓ તરફે વિ.વકીલશ્રીઓની રજુઆત છે કે ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે, જો ફરિયાદ પક્ષના કેસમાં કોઈ શંકા ઉપસ્થિત થાય તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર છે તેમજ ફરિયાદ પક્ષના કેસમાં એક કરતા વધારે સંભાવના કે દ્રષ્ટિકોણ રજુ થતા હોય તો આરોપી તરફેની સંભાવનાને ધ્યાને લેવાની રહે છે. વધુમાં સાહેદોના પુરાવામાં મહત્વના વિરોધાભાસ રેકર્ડ ઉપર આવે તો ફરિયાદ પક્ષનો કેસ શંકાસ્પદ છે તેમ માનવાનું રહે છે. આ કામે ફરિયાદ પક્ષ તરફે જે મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે તેમાં મહત્વના વિરોધાસભાસ રજુ થયેલ છે તેમજ ફરિયાદ પક્ષના કેસમાં એક કરતા વધારે સંભાવનાઓ રજુ થયેલ છે. જેથી તેનો લાભ

આરોપીને મળવાપાત્ર છે. વધુમાં આ કામે બનાવ બનતા કોઇએ નજરે જોયેલ નથી. ફરિયાદ પક્ષનો કેસ સાંયોગીક પુરાવા ઉપર આધારીત છે. પુરાવાના સાંકળની કડીઓ એકબીજા સાથે અતુટ રીતે મળતી હોવી જોઇએ. આ કામે પુરાવાની સાંકળ પુરવાર થતી નથી. આ કામે તપાસવામાં આવેલા તમામ પંચો ફરી ગયા છે અને પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી. પંચોની જુબાનીઓથી આ કામે રીકવરી અને ડીસ્કવરી પુરવાર થતી નથી. આંક–૩૦ થી તપાસવામાં આવેલા ફરિયાદીએ પોતાની જુબાનીમાં અતિશયોકિતભરી હકીકતો જણાવેલી છે. ફરિયાદીએ અદાલતમાં આરોપી નં. ૨ ને ઓળખી બતાવેલા નથી. પોલીસને દહેજ જી.આઇ.ડી.સી. ગીરનારી કંપનીના કંપાઉન્ડમાંથી એક ડીકંપોઝડ હાલતમાં બીનવારસી લાશ મળી આવેલી જે અંગે અકસ્માત મોત ન.૭/૨૦૧૭ દાખલ કરી તે લાશનું અંતિમ સંસ્કાર કરવામાં આવેલ. જેથી આ લાશ ફરિયાદીના પતિની હતી તેવું ફરિયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી. તપાસ કરનાર અધિકારીના આંક–૬૭ ના પુરાવા મુજબ આરોપીઓની પુછપરછ કરતા આરોપીઓએ પોલીસ રૂબરૂ ગુન્હાની કબુલાત કરેલ, પરંતુ પુરાવા અધિનિયમની જોગવાઇ મુજબ પોલીસ રૂબરૂની ગુન્હાની કબુલાત પુરાવામાં ગ્રાહય નથી. તપાસ કરનાર અધિકારીના આંક–૬૭ ના પુરાવા મુજબ મરણજનારનું મોટરસાયકલ તથા તેનુ પાકીટ આરોપી કલ્પેશ ભગવાનદાસના ઘરેથી કબજે કરવામાં આવેલ, પરંતુ ફરિયાદીના આંક–૩૦ ના પુરાવા મુજબ બીજા દિવસે સવારે એક ભાઇનો ફોન આવેલો અને કીધેલ કે જોલવા ગામના ગેટ પાસે તેણીના પતિની એટલે કે ગુજરનારની મોટરસાયકલ પડેલી છે જેથી તેણી ત્યાં ગયેલ અને જોયેલ તો મોટરસાયકલ તેણીના પતિની હતી. આ કામે બનાવ બનતા કોઇએ નજરે જોયેલ નથી તેમજ આરોપીઓને ગુજરનાર સાથે બનાવ પહેલા પણ કોઇએ જોયેલ નથી. પોલીસ સ્વિાય આ આરોપીઓએ બાહય ન્યાયીક કબુલાત કરેલ હોવાનો ફરિયાદ પક્ષનો કેસ નથી. ખરી હકીકતમાં આરોપીઓ કમીશન ઉપર મકાનો ભાડે

અપાવવાનું કામ કરતા હતા તેમજ ગુજરનાર પણ કમીશન ઉપર મકાનો ભાડે અપાવવાનું કામ કરતા જેથી ફરિયાદીને આ કામના આરોપીઓ ઉપર શંકા હોવાના કારણે આરોપીઓને ગુન્હામાં ખોટી રીતે સંડોવી દીધેલા છે. આ કામે આંક–પર થી તપાસવામાં આવેલા મેડીકલ ઓફિસર ડો.રાકેશકુમાર દમણીયાભાઇએ ઉલટ તપાસમાં કબુલેલ છે કે ડેડ બોડી આખી સડી ગયેલી હતી, કોહવાઇ ગયેલી હતી અને ચામડી નીકળી ગયેલી હતી. એ હકીકત કબુલેલ છે કે લાશ ઓળખી શકાય તેવી ન હતી. એ હકીકત કબુલેલ છે કે કોઇ વ્યકિત ઉપર જે.સી.બી. મશીનનો કોઇ ભાગ પડે તો પી.એમ. નોટના કોલમ નં.૧૭ માં જણાવેલી ઈજાઓ થવી શકય છે. કોલ ડીટેલ્સથી આરોપીઓને ગુન્હા સાથે સાંકળી શકાય તેવો પુરાવો ફરિયાદ પક્ષે રજુ કરેલ નથી. આ કામે તપાસવામાં આવેલા તપાસ કરનાર અધિકારીઓના પુરાવા મુજબ તેઓએ પોલીસ તપાસ કરીને આરોપીઓ સામે ચાર્જશીટ કરેલ છે. પરંતુ તપાસ કરનાર અધિકારીઓની તપાસને સાહેદો તેમજ પંચોની જુબાનીઓથી વિશ્વસનીય સમર્થન મળતુ નથી. વધુમાં ફરિયાદ પક્ષ તરફે જે મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે તેમાં મહત્વના વિરોધાભાસ છે અને ફરિયાદ પક્ષનો પુરાવો શંકારહિતનો, વિશ્વસનીય અને સ્વીકારવાપાત્ર નથી તેમજ ફરિયાદ પક્ષના પુરાવામાં એક કરતા વધારે સંભાવના આવેલી છે. આમ, ફરિયાદ પક્ષ આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઇ આરોપીઓને છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૮) આ કામે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં આ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ આ કામના મરણજનાર હસન અહમદ શેખ કે જેનો લોકોને મકાન ભાડે અપાવી તેના બદલામાં કમિશન લેતા હોય અને આ કામના આરોપી નં.૧ જુનેદ ઉર્ફે બટકો શબ્બીરભાઈ

બેલીમનાઓ પણ લોકોને મકાન ભાડે અપાવી તેના બદલામાં કમિશન લેવાનો ધંધો કરતા હોય અને આરોપી નં.૧ ને તેના કારણે પોતાના ધંધામાં નુકશાન થતુ હોય જેથી તેની રીસ રાખી આરોપી નં.૧ નાએ પોતાની પાસેના મોબાઈલ ફોનથી મરણજનારના મોબાઈલ ઉપર ફોન કરી મકાન ભાડે અપાવવાની વાત કરવાની છે તેમ કહી પોતાના પુર્વ આયોજીત કાવતરા મુજબ તા.૨૪.૦૨.૨૦૧૭ ના રોજ આરોપી નં.૧ નાએ પોતાની પાસેના મોબાઈલ ફોનથી મરણજનારના મોબાઈલ ફોન ઉપર કોલ કરી જોલવા ગામની સીમમાં આવેલ જી.આઈ.ડી.સી. માં આવેલ યુનિટોપ કંપનીના કમ્પાઉન્ડ વોલ વાળા પ્લોટ આગળ બોલાવેલા, જેથી મરણ જનાર જવા માટે તૈયાર થતા આરોપી નં.૧ એ મરણજનારને જણાવેલ કે જોલવા ગામના ૧ નંબરમાં ગેટ આગળ ઉભા રહેજો તેઓ કલ્પેશને લેવા મોકલે છે તેમ કહી પોતાના પુર્વ આયોજીત કાવતરા મુજબ આરોપી નં.૨ નાઓ મરણજનારને મોટરસાયકલ લઈ લેવા આવેલ અને ત્યારબાદ આરોપી નં.૧ નાએ પોતાની પાસે રહેલ કુહાડી વડે હુમલો કરેલ અને તે સમયે આરોપી નં.૨ નાએ મરણજનારને પાછળથી પકડી રાખેલ અને આરોપી નં.૧ નાએ માથાના ભાગે બે ત્રણ કુહાડીના ફટકા મારી મોત નિપજાવી ખુન કરી, પુરાવાનો નાશ કરવા લાશને કમ્પાઉન્ડમાં ફેકી દઈ ઈ.પી.કોડની કલમ–૩૦૨,૨૦૧,૧૨૦(બી) મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, શું બનાવની તારીખે, સમયે અને સ્થળે આરોપીઓએ કુહાડી ધારણ કરી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૩. શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. નકારમાં.

૩. આખરી હુકમ મુજબ

## <u>–:: કા ર ણો ::–</u>

**<u>મુદ્દા નંબર : ૧ અને ૨ ની સંયુકત ચર્ચા :</u>**

(૧૦) આ કામે પુરાવાનું મૂલ્યાંકન કરતા પહેલા એ હકીકત ધ્યાને લેવી જરૂરી જણાય છે કે, હાલના કામે બનાવ બનતા કોઇએ નજરે જોયેલ નથી. હાલનો કેસ સાંયોગીક પુરાવા ઉપર આધારીત છે. જેથી આ તબકકે ના.સર્વોચ્ચ અદાલતનો રામાનંદ ઉર્ફે નંદલાલ ભારતી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત – ૨૦૨૨ એ.આઇ.આર. (સુ.કો.) ૫૨૭૩ નો ચુકાદો ધ્યાને લેવામાં આવેલ છે. આ ચુકાદાના ફકરા નં.૪૭ અને ૪૮ માં નીચે મુજબ ઠરાવેલ છે.

"47. There cannot be any dispute to the fact that the case on hand is one of the circumstantial evidence as there was no eye witness of the occurrence. It is settled principle of law that an accused can be punished if he is found guilty even in cases of circumstantial evidence provided, the prosecution is able to prove beyond reasonable doubt the complete chain of events and circumstances which definitely points towards the involvement and guilty of the suspect or accused, as the case may be. The accused will not be entitled to acquittal merely because there is no eye witness in the case. It is also equally true that an accused can be convicted on the basis of circumstantial evidence subject to satisfaction of the expected principles in that

regard.

48. A three Judge Bench of this Court in Sharad Birdhichand Sarda v. State of Maharashtra, (1984) 4 SCC 116, held as under:

> "152. Before discussing the cases relied upon by the High Court we would like to cite a few decisions on the nature, character and essential proof required in a criminal case which rests on circumstantial evidence alone. The most fundamental and basic decision of this Court is Hanumant v. State of Madhya Pradesh [AIR 1952 SC 343 : 1952 SCR 1091 : 1953 Cri LJ 129] . This case has been uniformly followed and applied by this Court in a large number of later decisions uptodate, for instance, the cases of Tufail (Alias) Simmi v. State of Uttar Pradesh [(1969) 3 SCC 198 : 1970 SCC (Cri) 55] and Ramgopal v. State of Maharashtra [(1972) 4 SCC 625 : AIR 1972 SC 656] . It may be useful to extract what Mahajan, J. has laid down in Hanumant case [AIR 1952 SC 343 : 1952 SCR 1091 : 1953 Cri LJ 129] :
>
> It is well to remember that in cases where the evidence is of a circumstantial nature, the circumstances from which the conclusion of guilt is to be drawn should in the first instance be fully established, and all the facts so established should be consistent only with the hypothesis of the guilt of the accused. Again, the circumstances should be of a conclusive nature and tendency and they should be such as to exclude every hypothesis but the one proposed to be proved. In other words, there must be a chain of evidence so far complete as not to leave any reasonable ground for a conclusion consistent with the innocence of the accused and it must be such as to show that within all human probability the act must have been done by the accused.
>
> 153. A close analysis of this decision would show that the following conditions must be fulfilled before a case against

an accused can be said to be fully established:

(1) the circumstances from which the conclusion of guilt is to be drawn should be fully established.

It may be noted here that this Court indicated that the circumstances concerned 'must or should' and not 'may be' established. There is not only a grammatical but a legal distinction between 'may be proved' and "must be or should be proved" as was held by this Court in Shivaji Sahabrao Bobade v. State of Maharashtra [(1973) 2 SCC 793 : 1973 SCC (Cri) 1033 : 1973 Cri LJ 1783] where the following observations were made : [SCC para 19, p. 807 : SCC (Cri) p. 1047] Certainly, it is a primary principle that the accused must be and not merely may be guilty before a court can convict and the mental distance between 'may be' and 'must be' is long and divides vague conjectures from sure conclusions.'

(2) the facts so established should be consistent only with the hypothesis of the guilt of the accused, that is to say, they should not be explainable on any other hypothesis except that the accused is guilty,

(3) the circumstances should be of a conclusive nature and tendency,

(4) they should exclude every possible hypothesis except the one to be proved, and

(5) there must be a chain of evidence so complete as not to leave any reasonable ground for the conclusion consistent with the innocence of the accused and must show that in all human probability the act must have been done by the accused.

154. These five golden principles, if we may say so, constitute the panchsheel of the proof of a case based on circumstantial evidence."

આમ, ના.સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંત મુજબ સાંયોગીક પુરાવા ઉપર અધારીત કેસમાં જયારે પુરાવાની કડીઓ એકબીજા સાથે અતુટ રીતે મળતી હોવી જોઇએ તેમજ માત્ર અને માત્ર આરોપીએ જ આક્ષેપીત ગુન્હો કરેલ હોવો જોઇએ તેવું પુરવાર થવુ જરૂરી છે. આરોપીને માત્ર શંકાના આધારે દોષીત ઠરાવી શકાય નહી.

**<u>ફરિયાદી પક્ષ તરફેની મૌખિક પુરાવો અને પુરાવાનું વિશ્લેષણ :</u>**

(૧૧) ફરિયાદ પક્ષે આરોપીઓ સામેનો આક્ષેપીત ગુન્હો પુરવાર કરવા માટે સાહેદ નં. ૧ તરીકે ફરિયાદી હાફેઝાબેન હસન અહમદ શેખને આંક–૩૦ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ તેઓ તેમજ તેઓના પતિ હસન અહમદ શેખ વેલકમ સોસાયટી, જોલવા મુકામે રહેતા હતા. તેઓ સોસાયટીના લોકો માટે પાણી ભરવાનું કામ કરતા હતા. તેઓના પતિ મકાનો ભાડે આપવાનુ કામ પણ કરતા હતા અને તેમાથી કમિશન મળતુ હતુ. તેણીના પતિ હૈદરાબાદના હતા. તેઓને લગ્નથી કોઈ સંતાનો થયેલ નથી. તેમની સોસાયટીમાં બહારના લોકો રહેતા હતા. તેઓના પતિને જુનેદ એટલે આરોપી નં. ૧ ફોન કર્યા કરતો હતો અને કહેતો હતો કે મકાન ભાડે રાખેલ છે તેની ડિપોઝીટ લઈ જાવ. તે તેણીના પતિને અજાણ્યા ફોનથી કોલ કર્યા કરતો હતો. તા.૨૪.૦૨.૨૦૧૭ ના રોજ જુનેદે તેણીના પતિને જોલાવામાં આવેલી એક કંપની પાસે બોલાવેલા. જુનેદે તેણીના પતિને દગાથી મારવા માટે બોલાવેલા. સવારે પોણા અગીયાર વાગ્યે તેણીના પતિને બોલાવેલા. ત્યારબાદ તેણીના પતિ તેનુ સ્પ્લેન્ડર બાઈક લઈને ગયેલા. ત્યારબાદ તેણીના પતિને જુનેદ જોલવા પાસે આવેલ બંધ કંપનીમાં લઈ ગયેલ. બનાવના બે–ત્રણ દિવસ પહેલા પણ જુનેદનો ફોન આવેલો ત્યારે તેણી તેણીના પતિ સાથે હતી અને જુનેદે કહેલુ કે તેમને રૂમ જોઈએ છે.

૧૧.૧ બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં ફરિયાદીએ એ હકીકત નકારેલ છે કે તેઓએ તેમની ફરિયાદમાં એવી હકીકત લખાવેલ નથી કે "મારા પતિને જુનેદ ફોન કર્યા કરતો હતો અને કહેતો હતો કે મકાન ભાડે રાખેલા છે તેની ડિપોઝીટ લઈ જાવ. તે મારા પતિને અજાણ્યા ફોન કર્યા કરતો હતો. તા.૨૪.૦૨.૨૦૧૭ ના રોજ જુનેદે મારા પતિને જોલાવામાં આવેલી એક કંપની પાસે બોલાવેલો. જુનેદે મારા પતિને દગાથી મારવા માટે બોલાવેલો. ત્યારબાદ મારા પતિને જુનેદ જોલવા પાસે આવેલ બંધ કંપનીમાં લઈ ગયેલો. બનાવના બે–ત્રણ દિવસ પહેલા પણ જુનેદનો ફોન આવેલો ત્યારે હુ મારા પતિ સાથે હતી અને જુનેદે કહેલુ કે તેમને રૂમ જોઈએ છે." પરંતુ સાહેદ નં.૧૭ તરીકે તપાસવામાં આવેલા તપાસ કરનાર અધિકારી ભારતસિંહ રણજીતસિંહ ગોહીલે આંક-૬૭ ની ઉલટ તપાસમાં કબુલેલ છે કે ફરિયાદીએ પોતાની ફરિયાદમાં ઉપરોકત હકીકતો લખાવેલ નથી. આમ, ફરિયાદી અને તપાસ કરનાર અધિકારીનો પુરાવો તેમજ આંક-૩૧ થી રજુ થયેલ ફરિયાદ હકીકત જોતાં ફરિયાદીએ ઉપરોકત હકીકતો આંક-૩૧ ની ફરિયાદમાં લખાવેલ હોવાનું જણાતુ નથી. આ હકીકત ધ્યાને લેતાં આરોપી જુનેદ ફરિયાદીના પતિને દગાથી મારવા માટે બોલાવી જોલવા પાસે આવેલ બંધ કંપનીમાં લઈ ગયેલ હોય તેવો ફરિયાદીનો આ પુરાવો શંકાસ્પદ બની રહે છે. તેમ છતાં દલીલ ખાતર માની લેવામાં આવે કે આરોપી નં. ૧ નાએ ફરિયાદીના પતિને ફોન કરીને બોલાવેલા અને ફરિયાદીના પતિ આરોપી નં. ૧ ના બોલાવવાથી તેઓને મળવા માટે ઘરેથી નીકળેલા. પરંતુ ફરિયાદીના પતિ ઘરેથી નીકળીને કયાં ગયેલા તે હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. ફરિયાદીના પતિને ઘરેથી નીકળ્યા પછી તેઓ કયાં ગયા હતા તે કોઈ પણ સાહેદે નજરે જોયેલ નથી. હાલનો બનાવ કોઈએ નજરે જોયેલ નથી જેથી સાંયોગીક પુરાવાના કિસ્સામાં પુરાવાની સાંકળની તમામ

કડીઓ એકબીજાથી અતુટ મળવી જોઇએ. આ કામે વધારેમાં વધારે એટલું કહી શકાય કે આરોપીઓના બોલાવવાથી ગુજરનાર/ફરિયાદીના પતિ પોતાના ઘરેથી આરોપીઓને મળવા માટે નીકળેલા. પરંતુ ગુજરનારને આરોપીઓ સાથે છેલ્લે કોઇએ જોયેલ હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ પર રજુ થયો નથી.

૧૧.૨ ફરિયાદીના પતિ અને આરોપીઓ કમીશન ઉપર ભાડાના મકાનો અપાવવાનું કામ કરતા તે અંગેની રીસ રાખીને આરોપી નં. ૧ નાએ આરોપી નં. ૨ સાથે કાવતરૂ રચી ફરિયાદીના પતિને મારી નાંખેલ હોવાનો બનાવ ફરિયાદીએ કે અન્ય કોઇ સાહેદે નજરે જોયેલ નથી. ફરિયાદીના પતિ તા.૨૪.૦૨.૨૦૧૭ ના રોજ મોટરસાયકલ લઇને ઘરેથી નીકળેલા અને ત્યારપછી તેઓ પરત નહી ફરતા ગુમ થયા બાબતની જાણવા જોગ તા.૨૫.૦૨.૨૦૧૭ ના રોજ આપવામાં આવેલી હોવાનું જણાય છે, પરંતુ તે જાણવા જોગની નોંધ આ કામે રજુ કરવામાં આવેલ નથી. જેથી તે જાણવા જોગમાં કોઇની સામે શંકા વ્યકત કરવામાં આવેલ હોય તેવું રેકર્ડ ઉપર આવેલ નથી.

૧૧.૩ આંક-૩૧ થી રજુ થયેલ ફરિયાદ હકીકત જોતાં પોલીસ દ્વારા બંને આરોપીઓને અટક કર્યા બાદ તેઓએ પોલીસ સમક્ષ કરેલ ગુન્હાની કબુલાતના આધારે ફરિયાદીને દહેજ જી.આઇ.ડી.સી.માં આવેલ યુનીટોપ કંપની નજીક, ગીરનારી મોલ્ડર કંપનીના કંપાઉન્ડ પાસે બોલાવેલ હોવાનું અને રૂમના ધાબા ઉપરથી આરોપી નં. ૧ નાએ ચંપલ નીચે ઉતારતા તે ચંપલ ગુજરનારના હોવાનું ફરિયાદીએ ઓળખી બતાવતા તે આધારે તા.૦૩.૦૫.૨૦૧૭ ના રોજ ફરિયાદ આપેલ હોવાનું જણાય છે. પરંતુ પુરાવા અધિનિયમની જોગવાઇઓ મુજબ આરોપીઓની પોલીસ સમક્ષની કબુલાત પુરાવામાં ગ્રાહ્ય નથી.

૧૧.૪ ફરિયાદીએ પોતાની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે તા.૨૪.૦૨.૨૦૧૭ ના રોજ તેણીના પતિ ઘરે આવેલ નહિ. તેણીએ

તેમને બધે શોધેલા અને પોલિસમા ફરિયાદ આપવા ગયેલ. પોલિસે તેણીને કહેલ કે ર૪ કલાક રાહ જુઓ. બીજા દિવસે સવારે સાત વાગ્યે એક મહેન્દ્રભાઈનો ફોન આવેલો. તે ભાઈએ એવુ કિધેલુ કે જોલવા ગામના ગેટ પાસે તેણીના પતિની મોટરસાઈકલ પડેલી છે. જેથી તેણી ત્યા ગયેલ અને જોયેલ તો મોટરસાઈકલ તેણીના પતિની હતી. ત્યારબાદ તેણી પોલિસ સ્ટેશન ગયેલ અને સાહેબને કહેલુ કે તેણીના પતિની મોટરસાઈકલ મળેલી છે અને તમે તેની તપાસ કરો કે કોણ મોટરસાઈકલ મુકી ગયેલ છે. પોલિસના સાહેબે કિધુ કે મોટરસાઈકલનો કબજો લઈ લો, તો તેણીએ કહેલ કે તેણીના ધણી નથી આવ્યા તો તેણી મોટરસાઈકલનો કબજો નહિ લે. આ હકીકત ધ્યાને લેતાં ફરિયાદીએ બીજા દિવસે જોલવા ગામના ગેટ પાસે પોતાના પતિની મોટરસાયકલ પડેલી જોયેલી અને તેની જાણ પોલીસને કરેલી અને પોલીસે ફરિયાદીને મોટરસાયકલનો કબજો લઈ લેવાનું જણાવેલુ. જયારે સાહેદ નં. ૧૭ તપાસ કરનાર અધિકારી ભારતસિંહ રવજીતસિંહના આંક–૬૭ ના પુરાવા મુજબ મરણજનારની મોટરસાયકલ તથા પાકીટ આરોપી નં. ર ના ઘરેથી કબજે કરવામાં આવેલ. જો આરોપી નં. ર નાઓ આ મોટરસાયકલ જોલવા ગામના ગેટ પાસેથી પોતાના ઘરે લઈ ગયા હોય તો તે અંગેનો કોઈ પુરાવો આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ નથી. જેથી મોટરસાયકલ આરોપી નં. ર ના ઘરેથી મળેલ તેવો તપાસ કરનાર અધિકારીનો પુરાવો શંકાસ્પદ જણાય છે.

૧૧.૫ ફરિયાદીના વધુ પુરાવા મુજબ પોલિસવાળાએ જુનેદને પકડેલો અને બીજા એક વસાવાને પકડેલો. પોલિસ તેણીને એક કંપનીમા લઈ ગયેલ. કંપનીના ધાબા પરથી જુનેદે ચપ્પલ કાઢીને બતાવેલ, જે

ચપ્પલ ચામડાની હતી અને તેણીના પતિની હતી. તેણીએ પોલિસને પુછેલ કે તેણીના પતિ ક્યાં છે ? તો પોલિસે કહ્યુ કે જે આરોપીને પકડેલા છે તેમણે ગુન્હો કબુલ કરેલો છે કે તેમણે તેણીના પતિનુ ખુન કરેલુ છે. આ કામે ચપ્પલ કબજે કર્યાનું પંચનામુ આંક–૬૦ થી રજુ કરવામાં આવેલ છે, પરંતુ પંચ–સાહેદે આંક–૬૦ ના પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી. આંક–૬૦ નું પંચનામુ કરનાર શ્રી એલ.ડી.વાગડીયા, પો.ઈ., એલ.સી.બી., ભરૂચને આ કામે તપાસવામાં આવેલ નથી. આમ, જે ચપ્પલ મળી આવ્યા છે તેના આધારે આરોપીઓને ગુન્હા સાથે સાંકળી શકાય તેમ નથી.

૧૧.૬ ફરિયાદીના વધુ પુરાવા મુજબ તા.૨૪.૦૨.૨૦૧૭ ના રોજ તેણીના પતિ જ્યારે ઘરેથી ગયેલા ત્યારે સફેદ કલરનો લીટીવાળો શર્ટ પહેરેલો અને મીલીટરી વાળુ પેન્ટ પહેરેલ હતુ. તેણીના પતિએ કાળા પટાવાળી ઘડિયાળ પણ પહેરેલ હતી. તેણીને પોલિસે જે કંપની બંધ હતી ત્યા ચંપલ બતાવેલ અને તેણીના પતિનુ કોફી કલરનુ પર્સ બતાવેલું. તેણીના પતિના કપડા તેણીને પોલિસ સ્ટેશનમા બતાવેલા. તેણીએ પોલિસમા આરોપી વિરૂદ્ધ ફરિયાદ કરેલી. ફરિયાદીએ જુબાની દરમ્યાન આરોપી નં. ૧ ને ઓળખી બતાવેલ છે તેમજ મુદ્દામાલના કપડા, કમરપટ્ટો, પર્સ, કાંડા ઘડિયાળ, ચપ્પલ ઓળખી બતાવી તેઓના પતિના હોવાનું જણાવેલ છે. આ કામે આંક–૩૭ થી ગુજરનારના કપડા, ઘડીયાળ, કમર પટ્ટો કબજે કર્યાનું પંચનામુ રજુ થયેલ છે. આંક–૩૭ વાળુ પંચનામુ વંચાણે લેતાં દહેજ પોલીસ સ્ટેશન અકસ્માત મોત નં.૭/૨૦૧૭ ના કામે લાશઉપરથી મળી આવેલા કપડા તેમજ અન્ય ચીજ–વસ્તુઓ કબજે કરવામાં આવેલી તે

કપડા અને અન્ય ચીજ–વસ્તુઓ હાલના ગુન્હાના કામે કબજે લેવામાં આવેલ અને તેની ફરિયાદી રૂબરૂ ઓળખ કરાવવામાં આવેલ તે અંગેનું પંચનામુ છે. પરંતુ આ પંચનામાથી આરોપીઓને ગુન્હા સાથે સાંકળી શકાય તેવો અન્ય માનવાલાયક પુરાવો રજુ થયો નથી.

(૧૨) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં.૨ તરીકે વિનોદભાઈ મંગુભાઈ રાઠોડને આંક-૩૨ થી તેમજ સાહેદ નં. ૩ સંજયભાઈ માધવભાઈ રાઠોડને આંક-૩૫ થી તપાસવામાં આવેલા છે. આ બંને સાહેદો અકસ્માત મોત નં. ૭/૨૦૧૭ ના કામે કરવામાં આવેલ મરણોત્તર પંચનામાના તેમજ જે જગ્યાએથી લાશ મળી આવેલી તે જગ્યાના પંચનામાના પંચો છે. પરંતુ આ બંને પંચ-સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ ન હોઈ વિ.એ.પી.પી.શ્રીએ આ બંને પંચોને ફરી ગયેલા સાહેદો જાહેર કરી ઉલટ તપાસ કરતા તેમાં પણ આ બંને પંચ-સાહેદોએ પંચનામા તેમની હાજરીમાં કરવામાં આવેલ હોવાનો ઈન્કાર કરેલ છે. આમ, આ બંને પંચ-સાહેદોએ આંક-૩૩ અને આંક-૩૪ ના પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી.

(૧૩) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૪ તરીકે નિલેશભાઈ સોમાભાઈ પરમારને આંક-૩૬ થી તેમજ સાહેદ નં. ૫ તરીકે મુબારકભાઈ દાઉદભાઈને આંક-૪૧ થી તપાસવામાં આવેલા છે. આ બંને સાહેદો અકસ્માત મોત નં.૭/૨૦૧૭ ના કામે અજાણ્યા ઈસમની લાશ ઉપરથી પોલીસે કબજે લીધેલ કપડા (આછા ગ્રેર કલરનો સફેદ લાઈનીંગવાળો આખી બાયનો શર્ટ તથા કાળા કલરનું પેન્ટ) તથા કાળા કલરનો કમર પટ્ટો તેમજ ટાઈમેક્ષ કંપનીનું કાળા પટ્ટાવાળી કાંડા ઘડીયાળની ફરિયાદી ધ્વારા ધ્વારા ઓળખ કરાવવામાં આવેલ તે અંગે કરવામાં આવેલ પંચનામાના તેમજ આરોપીઓ જે જગ્યાએથી મરણજનારને પોતાની મોટરસાયકલ ઉપર બેસાડીને લઈ ગયેલ અને જે રૂમમાં લઈ ગયેલ તે જગ્યા બતાવતા તે જગ્યાનું પંચનામુ કરવામાં આવેલ અને આ જગ્યાએથી લોહીના નમુના લીધેલા તેના પંચો છે. પરંતુ આ બંને પંચ-

સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ ન હોઇ વિ.એ.પી.પી.શ્રીએ આ બંને પંચોને ફરી ગયેલા સાહેદો જાહેર કરી ઉલટ તપાસ કરતા તેમાં પણ આ બંને પંચ-સાહેદોએ પંચનામા તેમની હાજરીમાં કરવામાં આવેલ હોવાનો ઇન્કાર કરેલ છે. આમ, આ બંને પંચ-સાહેદોએ આંક-૩૭ અને આંક-૩૮ ના પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી. વધુમાં તપાસ કરનાર અધિકારીએ પણ આ પંચનામા પુરવાર કરેલ નથી.

(૧૪) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૬ તરીકે મહેશભાઇ હરીભાઇ ગોહીલને આંક-૪૨ થી તેમજ સાહેદ નં. ૮ તરીકે ગોવિંદભાઇ રાયસંગભાઇ ગોહીલને આંક-૫૧ થી તપાસવામાં આવેલા છે. આ બંને સાહેદો આરોપી નં. ૧ ના બતાવ્યા મુજબ ગુન્હામાં વપરાયેલ મોબાઇલ તેમજ મોટરસાયકલ કબજે કર્યાના પંચનામાના તેમજ આરોપી નં. ૨ નાએ ગુન્હામાં વપરાયેલ કુહાડી કાઢીને રજુ કરતા તે અંગે કરવામાં આવેલ પંચનામાના પંચો છે. પરંતુ આ બંને પંચ-સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ ન હોઇ વિ.એ.પી.પી.શ્રીએ આ બંને પંચોને ફરી ગયેલા સાહેદો જાહેર કરી ઉલટ તપાસ કરતા તેમાં પણ આ બંને પંચ-સાહેદોએ પંચનામા તેમની હાજરીમાં કરવામાં આવેલ હોવાનો ઇન્કાર કરેલ છે. આમ, આ બંને પંચ-સાહેદોએ આંક-૪૪ અને આંક-૪૫ ના પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી. વધુમાં તપાસ કરનાર અધિકારીએ પણ આ પંચનામા પુરવાર કરેલ નથી.

(૧૫) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૭ તરીકે ઐયુબભાઇ મોહંમદભાઇ ગજજુને આંક-૪૬ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદ ગુન્હાવાળી જગ્યાના પંચનામાના તેમજ આરોપીઓને અટક કરી કપડા કબજે કર્યાના પંચનામાના પંચો છે. પરંતુ આ પંચ-સાહેદે પંચનામાની હકીકતોને સમર્થન કરેલ ન હોઇ વિ.એ.પી.પી.શ્રીએ આ પંચ-સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરતા તેમાં પણ આ પંચ-સાહેદે પંચનામા તેમની હાજરીમાં કરવામાં આવેલ હોવાનો ઇન્કાર કરેલ છે. આમ, આ પંચ-સાહેદે આંક-૪૭ અને આંક-૪૮ ના

પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી.

(૧૬) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૯ તરીકે ડો.રાકેશકુમાર દમણીયાભાઇ વસાવાને આંક-પર થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે તા. ૦૩.૦૪.૨૦૧૭ ના રોજ તેઓ કેશવાણ પી.એચ.સી. માં ફરજ ઉપર હાજર હતા તે સમયે દહેજ પોલીસ સ્ટેશનમાંથી અકસ્માત મોત નં. ૭/૨૦૧૭ ના કામે મરણજનાર અજાણ્યા પુરુષ ઉ.વ.આશરે ૪૫ થી ૫૦ નાઓની લાશનુ પી.એમ. થવા માટે પોલીસ કોન્સ્ટેબલ ભીખુભાઇનાઓ લેખિત યાદી લઇ આવેલા. જે યાદી તેમણે તેમજ તેમની સાથેના ડો. આબેદખાન મલેકનાઓએ સ્વીકારીને પોતાની સહીઓ કરેલી. તા. ૦૩.૦૪.૨૦૧૭ ના દિવસે સાંજના ૫/૩૦ કલાકે મૃતદેહ મળેલ હતો. સદર મૃતદેહ ડીકંપોઝ હાલતમાં હોઇ તેનુ સ્થળ ઉપર પોસ્ટ મોર્ટમ કરવુ જરુરી હોય ગીરનારી મોર્ડન કંપની કંપાઉન્ડ, જોલવા ખાતે સ્થળ પર પોસ્ટમોર્ટમ કરેલ હતુ. જે પોસ્ટ મોર્ટમ સાંજના કલાક ૫/૪૫ શરુ કરવામાં આવેલ હતું અને સાંજના કલાક ૭/૩૦ પોસ્ટ મોર્ટમ પુર્ણ કરવામાં આવેલ હતું. જે સ્થળનુ અંતર દવાખાનાથી ૧૨ કિલોમીટર હતુ. સદર મૃતદેહ અજાણ્યા પુરુષનો હતો જેની ઉંમર આશરે ૫૦ વર્ષની જણાયેલી. તેમણે શરીરે ગ્રે–વાઇટ લાઇનીંગવાળો ફુલ સ્લીવ શર્ટ પહેરેલ હતો, ગ્રે–બ્લેક કલરનુ પેન્ટ, કાળા કલરના પટ્ટાવાળી કાંડા ઘડીયાળ અને કમરે કાળા કલરનો બેલ્ટ પહેરેલ હતો. બોડી સડી ગયેલ હોવાથી કપડા ભીંજાયેલા કે લોહીના ડાઘાવાળા ન હતા તેમજ શરીર ઉપર જુના રુઝાયેલા ઘા, નિશાની કે છુંદણા જણાયેલ નહી. શરીર કોહવાઇ ગયેલ હોવાથી શરીરના બંધારણ વિશે જાણી શકાયુ નથી. શરીરના અકડાઇ જવાની પ્રકીયા પુર્ણ થયેલ જણાયેલી હતી. શરીર કોહવાઇ ગયેલ હોવાના લીધે પોસ્ટ મોર્ટમ લીવીડીટી જાણી શકાય ન હતી. મોઢુ કોહવાઇ ગયેલ હતુ અને મોઢા પરના હાકડા દેખાતા હતા. મૃતદેહ સડી ગયેલ હોવાથી તેમાંથી દુર્ગંધ આવતી હતી. બોડી સડી ગયેલી અને બ્રાઉનીશ બ્લેક કલરની હતી.

માથા પર અમુક અમુક જગ્યાએ વાળ હતા અને તે સહેલાઇથી નીકળી શકે તેવા હતા. હાથના અને પગના નખ નીકળી ગયા હતા. હાથ અને પગ પરની ચામડી નીકળી ગઇ હતી. બંને હાથ–પગના આંગળાઓના નખો ઢીલા થઇ ગયેલા હતા. માથાના પાછળના ભાગે હાડકુ ભાંગી ગયેલ હતુ અને અંદરની સાઇડે દબાયેલુ હતુ જે ૬ સે.મી. લાંબુ, ૩ સે.મી. પહોળુ અને ૧.૫ સે.મી. ઉંડુ હતુ અને કાળા કલરનુ હતુ. માથાના પાછળના ભાગનુ હાડકુ ભાંગી ગયેલ હતુ અને સદર ઈજાઓ મરણ પહેલાની હતી. માથાના પાછળના ભાગેનુ હાડકુ ભાંગી ગયેલ હતુ. મગજ કોહવાઇ ગયેલુ અને નરમ અને પીળા કલરનુ નાના ટુકડાઓ જેવુ જણાયેલ હતુ. છાતીની દિવાલ, પાંસળીઓ અને હાકડા, ફેફસાનો પડદો, કંઠેન્દ્રીય અને શ્વાસનળી કોહવાઇ ગયેલ હતી. જમણુ અને ડાબુ ફેફસુ તેમજ હ્યદયનુ આવરણ અને હ્યદય અને તેની સાથેની મોટી રક્તવાહીનીઓ વધુ કોહવાઇ ગયેલ હતી. પેટની દિવાલ, પેટની અંદરની ત્વચાનુ આવરણ, પોલાણ, ઉદર અને ગૃહા કોહવાઇ ગયેલ હતા. જીભ અને કંઠનળી અને અન્નનળી વધારે કોહવાઇ ગયેલ હતા. હોજરી, નાનુ આંતરડું અને મોટુ આંતરડુ વધારે કોહવાઇ ગયેલા હતા. યકૃત અને પિતાશય નરમ અને કોહવાઇ ગયેલ હતા. અન્નાશય, બરોડ, મૃતપીંડો અને પેશાબની કોથડી કોહવાઇ ગયેલ હતા અને તેમના માનવા મુજબ સદર લાશ ૨૫ થી ૩૫ દિવસ પહેલાની હશે. તેમના માનવા મુજબ મોતનુ કારણ મરનારને માથાના ભાગે ગંભીર ઈજા થવાના કારણે થયુ હશે અને સદર પી.એમ. તેમણે તેમજ તેમના સાથી ડોકટર આબેદખાન મલીકે કરેલુ અને પી.એમ. પુર્ણ કર્યા બાદ પી.એમ. રીપોર્ટના છેલ્લા પાને તેમણે તેમજ તેમના સાથી ડોકટરે સહી તેમજ હોદ્દાનો સીક્કો મારેલ છે.

૧૬.૧ બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં કબુલેલ છે કે ડેડ બોડી આખી સડી ગયેલી હતી, કોહવાઇ ગયેલી હતી અને તેના પરથી ચામડી

નીકળી ગયેલ હતી. એ હકીકત કબુલેલ છે કે લાશ ઓળખી શકાય તેવી ન હતી. એ હકીકત કબુલેલ છે કે કોઈ વ્યકિત ઉપર જે.સી.બી. મશીનનો કોઈ ભાગ પડે તો પી.એમ. રીપોર્ટના કોલમ નં. ૧૭ માં થયેલ ઈજાઓ થવી શકય છે.

૧૬.૨ આમ, આ મેડીકલ ઓફિસરશ્રીએ જે લાશનું પોસ્ટ મોર્ટમ કર્યુ તે લાશ ઓળખી શકાય તેવી ન હતી. વધુમાં મેડીકલ ઓફિસરના પુરાવામાં તેઓએ લાશ પરથી લોહીના કે અન્ય કોઈ નમુના લીધા હોય તેવું પણ જણાઈ આવતુ નથી. મેડીકલ ઓફિસરના પુરાવા મુજબ લાશના શરીરે ગ્રે–વ્હાઈટ લાઈનીંગવાળો ફુલ સ્લીવ શર્ટ પહેરેલ હતો, ગ્રે–બ્લેક કલરનું પેન્ટ, કાળા કલરના પટ્ટાવાળી કાંડા ઘડીયાળ અને કમરે કાળા કલરનો બેલ્ટ પહેરેલ હતો. આ સાહેદે કપડા, ઘડીયાળ અને બેલ્ટનું તેઓએ શું કરેલ તે અંગે કોઈ પુરાવો આપેલ નથી. પરંતુ મેડીકલ ઓફિસરશ્રીના પુરાવાથી મરણજનારનું મૃત્યુ માથાના ભાગે ગંભીર ઈજાઓના કારણે મૃત્યુ થયેલ હોવાનું પુરવાર થાય છે.

(૧૭) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૧૦ તરીકે રાજભા હિંમતસિંહ રાજને આંક–૫૬ થી તેમજ સાહેદ નં.૧૫ તરીકે શંકરભાઈ કેસરભાઈ ઓડને આંક–૬૫ થી તપાસવામાં આવેલા છે. આ બંને સાહેદો ગુજરનારની મોટરસાયકલ, ગુજરનારનું પૈસા મુકવાનું પાકીટ તેમજ લાશ પરના કપડાવાળા ફોટાની ફરિયાદી ધ્વારા ઓળખ કર્યાના પંચનામાના પંચો છે. પરંતુ આ બંને પંચ-સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ ન હોઈ વિ.એ.પી.પી.શ્રીએ આ બંને પંચોને ફરી ગયેલા સાહેદો જાહેર કરી ઉલટ તપાસ કરતા તેમાં પણ આ બંને પંચ-સાહેદોએ પંચનામા તેમની હાજરીમાં કરવામાં આવેલ હોવાનો ઈન્કાર કરેલ છે. આમ, આ બંને પંચ-સાહેદોએ આંક-૫૭ ના પંચનામાની હકીકતોને સમર્થન

કરેલ નથી.

(૧૮) ફરિયાદ પક્ષ તરફે  સાહેદ નં. ૧૧ તરીકે શંકરભાઇ ઉર્ફે જશુભાઇ સોમાભાઇ રાઠોડને આંક-૫૮ થી વિડીયો શુટીંગની ડી.વી.ડી. કબજે લીધાના પંચનામાના પંચ છે. પરંતુ આ પંચ-સાહેદે પંચનામાની હકીકતોને સમર્થન કરેલ ન હોઇ વિ.એ.પી.પી.શ્રીએ આ પંચ-સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરતા તેમાં પણ આ પંચ-સાહેદે પંચનામા તેમની હાજરીમાં કરવામાં આવેલ હોવાનો ઇન્કાર કરેલ છે. આમ, આ પંચ-સાહેદના પુરાવાથી પંચનામાની હકીકતોને સમર્થન મળતુ નથી.

(૧૯) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૧૨ તરીકે રહીમભાઇ ઇબ્રાહીમભાઇ ગરાસીયાને આંક-૫૯ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદ દહેજ પોલીસ સ્ટેશન જાણવા જોગ નં. ૨/૨૦૧૭ સ્ટે.ડા. એ.નં.૮/૨૦૧૭ ના કામે આરોપીઓને બોલાવીને પુછપરછ કરતા આરોપીઓએ કબુલેલ ગુન્હાની હકીકતો તેમજ બતાવેલ ગુન્હાવાળી જગ્યા અને ગુન્હાવાળી જગ્યાએથી મળી આવેલ ચંપલ ફરિયાદીએ ઓળખી બતાવેલ તે અંગે કરવામાં આવેલ પંચનામાના પંચ છે. પરંતુ આ પંચ-સાહેદે પંચનામાની હકીકતોને સમર્થન કરેલ ન હોઇ વિ.એ.પી.પી.શ્રીએ આ પંચ-સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરતા તેમાં પણ આ પંચ-સાહેદે પંચનામા તેમની હાજરીમાં કરવામાં આવેલ હોવાનો ઇન્કાર કરેલ છે. આમ, આ પંચ-સાહેદે આંક-૬૦ થી રજુ કરેલ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી.

(૨૦) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૧૩ તરીકે સકીલખાં ઇકરારખાં ખાનને આંક-૩૨ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદ આરોપી નં. ૨ નાએ ગુજરનારની મોટરસાયકલ તેમજ ગુજરનારનો મોબાઇલ ફોન ડિસ્કવર કર્યાના પંચનામાના પંચ છે. પરંતુ આ પંચ-સાહેદે પંચનામાની હકીકતોને સમર્થન કરેલ ન હોઇ વિ.એ.પી.પી.શ્રીએ આ પંચ-સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરતા તેમાં પણ આ પંચ-સાહેદે પંચનામા તેમની હાજરીમાં કરવામાં આવેલ હોવાનો ઇન્કાર

કરેલ છે. આમ, આ પંચ-સાહેદે આંક-૬૩ ના પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી.

(૨૧) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૧૪ તરીકે દશરથભાઇ ઠાકોરભાઇ ગોહીલને આંક-૬૪ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદ પોલીસે એક સેમસંગ કંપનીનો ગોલ્ડન કલરનો મોબાઇલ કબજે કરેલ તે પંચનામાના પંચ છે. પરંતુ આ પંચ-સાહેદે પંચનામાની હકીકતોને સમર્થન કરેલ ન હોઇ વિ.એ.પી.પી.શ્રીએ આ પંચ-સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરતા તેમાં પણ આ પંચ-સાહેદે પંચનામા તેમની હાજરીમાં કરવામાં આવેલ હોવાનો ઇન્કાર કરેલ છે. આમ, આ પંચ-સાહેદના પુરાવાથી પંચનામાની હકીકતોને સમર્થન મળતુ નથી.

(૨૨) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૧૬ તરીકે ભરતભાઇ જલાભાઇ મારૂને આંક-૬૬ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ તેમના કુટુંબનો પશુ પાલનનો ધંધો છે. તેમની પાસે જે.સી.બી. વાહન છે. તેમની પાસે ટ્રેકટર નથી. તેમનું જે.સી.બી. તેમના ડ્રાયવર ચલાવે છે. તેઓ પશુપાલનની સાથે કાર્ટીંગનો ધંધો પણ કરે છે. જે કાર્ટીંગના ધંધામાં જે.સી.બી.ની જરૂર હોય તો મોકલે છે. બનાવ શું બનેલો તેની તેમને કોઇ માહિતી નથી. પોલીસે બનાવ બાબતે તેમની કયારેય કોઇ પુછપરછ કરેલ હોય તેવું બનેલ નથી. તેઓ જતીનભાઇ સૈનીને ઓળખતા નથી. આ સાહેદે ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરેલ ન હોઇ વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરતા તેમાં પણ પોલી સમક્ષના નિવેદનમાંની હકીકતો તેઓએ લખાવેલ હોવાનો ઇન્કાર કરેલ છે.

(૨૩) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૧૭ તરીકે તપાસ કરનાર અધિકારી ભારતસિંહ રણજીતસિંહ ગોહીલને આંક-૬૭ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ તેઓ તા.૦૩.૦૫.૨૦૧૭ ના રોજ દહેજ પોલીસ સ્ટેશનમાં પોલીસ ઇન્સપેકટર તરીકે ફરજ બજાવતા હતા. આ દિવસે ફરિયાદી હાફીજા હસન અહેમદ શેખ રહે. જોલવા,

ભરુચનાઓએ આરોપી જુનેદ ઉર્ફે બટકો શબ્બીરભાઇ બેલીમ રહે. જોલવા તથા કલ્પેશભાઇ ભગવાનદાસ જપતા રહે. કોસમડી અંકલેશ્વર નાઓ વિરુધ્ધ તેણીના પતિનુ મોત નિપજાવી લાશ દહેજ જી.આઇ.ડી.સી. માં આવેલ એક બંધ પડેલ કંપનીના કંપાઉન્ડમાં ફેકી દઇ પુરાવાનો નાશ કર્યા અંગેની ફરિયાદ તેમના રુબરુની આપતા તેઓની ફરિયાદ તેમના લખાવ્યા મુજબની લખી લઇ દહેજ પોલીસ સ્ટેશન ગુ.રજી.નં. ૧૭/૨૦૧૭ થી ઇ.પી.કોડની કલમ–૩૦૨,૨૦૧ વિગેરે મુજબનો ગુન્હો દાખલ કરી આ ગુન્હાની તપાસ તેઓએ જાતેથી સંભાળેલ. આ કામે ફરિયાદીના પતિ તા.૨૪.૦૨.૨૦૧૭ ના રોજ ગુમ થયેલ. આ બનાવની જાણ તેઓએ તા. ૨૫.૦૨.૨૦૧૭ ના રોજ દહેજ પોલીસ સ્ટેશન ખાતે આપતા તે અંગેની તપાસ હે.કો. સુરેશભાઇ કરતા હતા અને આ દરમ્યાન તા. ૦૩.૦૪.૨૦૧૭ ના રોજ દહેજ જી.આઇ.ડી.સી. ગીરનારી કંપનીના કંપાઉન્ડમાંથી એક ડીકંપોઝ હાલતમાં બિનવારસી લાશ મળી આવતા દહેજ પોલીસ સ્ટેશન અકસ્માત મોત નં. ૭/૨૦૧૭ થી ક્રિ.પ્રો.કોડની કલમ–૧૭૪ હેઠળ દાખલ કરવામાં આવેલ અને આ અકસ્માત મોતની તપાસ હે.કો. સુરેશભાઇ કરતા હતા. મરણજનારનો મોબાઇલ પણ ગુમ હતો. જે મોબાઇલના સી.ડી.આર. ડેટા મંગાવવા એલ.સી.બી.ને પત્ર લખેલ અને સી.ડી.આર. મંગાવી આ સી.ડી.આર.નું એનાલીસીસ એલ.સી.બી. દ્વારા કરવામા આવેલ હતુ. તે દરમ્યાન એલ.સી.બી. ના પી.આઇ. શ્રી એલ.ડી.વાઘડીયાને આ સી.ડી.આર. એનાલીસીસની માહિતીના આધારે હકીકત મળેલ કે આ કેસમા શંકાસ્પદ વ્યક્તિઓ જુનેદ શબ્બીર બેલીમ તથા કલ્પેશ ભગવાનદાસ પટેલનાઓએ ફરિયાદીના પતિનુ મોત નિપજાવેલ હોવાની માહીતી આધારે આ બંનેને તેઓએ લાવી પુછપરછ કરતા તેઓએ એલ.સી.બી. પોલીસ રુબરુ ગુન્હાની કબુલાત કરેલ. પી.આઇ. શ્રી એલ.સી.બી.એ બે પંચો તથા આ બંને શંકાસ્પદ વ્યક્તિઓને સાથે રાખી જોલવા મુકામે લઇ આવી ત્યાંથી તેઓ તથા

ફરિયાદી બેનને સાથે લઇ આરોપીઓએ બતાવેલ જગ્યા ગીરનારી કંપનીના કંપાઉન્ડ વાળી હતી. ત્યાં વિગતે પંચનામુ કરેલ અને આ જગ્યાએથી મરણજનારના ચપ્પલ મળી આવેલ જે ફરિયાદી બેને ઓળખી બતાવેલ. આ ચપ્પલ પોલીસ ઇન્સપેકટરશ્રી એલ.સી.બી. એ તેમના પંચનામા દરમ્યાન તપાસ અર્થે કબજે કરેલ. તેઓએ બે પંચોની હાજરીમાં ગુન્હવાળી જગ્યાનુ વિગતે પંચનામુ કરી જરૂરી સેમ્પલ કબજે કરેલ તથા એફ.એસ.એલ. ની હાજરી અને વિડીયોગ્રાફર મારફતે વિડીયોગ્રાફી જગ્યાની કરાવવામાં આવેલ. અકસ્માત મોત નં. ૭/૨૦૧૭ સી.આર.પી.સી. ની કલમ-૧૭૪ ના કામે કબજે થયેલ મરનારની લાશ ઉપરના કપડા પેન્ટ, શર્ટ, બેલ્ટ વિગેરે ચીજવસ્તુઓ ફરિયાદી બેનને પંચો રુબરુ બતાવતા તેઓએ પોતાના પતિની ચીજવસ્તુઓ હોવાનુ ઓળખી બતાવેલ. આરોપી જુનેદને સાથે રાખી તેના મકાનની ઝડતી તપાસ કરવામાં આવેલ. તેના ઘરેથી ગુન્હો કરવામાં ઉપયોગમાં લીધેલ મોબાઇલ ફોન પંચોની હાજરીમાં તપાસ અર્થે કબજે કરેલ તથા આ ગુન્હો કરવામાં ઉપયોગમાં લીધેલ મો.સા. જે સાહેદ દશરથભાઇ રાઠોડની હોય તેઓએ રજુ કરતા પંચોની હાજરીમાં તપાસ અર્થે કબજે કરેલ. મરણજનારનુ મોટરસાયકલ તથા પાકીટ આરોપી કલ્પેશ ભગવાનદાસના ઘરે હોય તેને તથા બે પંચોની સાથે રાખી તેના ઘરની ઝડતી તપાસ દરમ્યાન કબજે કરવામાં આવેલ. આ કામે આરોપીઓએ ગુન્હો કરવામાં ઉપયોગમાં લીધેલ હથીયાર કુહાડી દહેજ પોલીસ સ્ટેશનના પો.સ.ઇ.શ્રી એ.એ.દેસાઇ નાઓ મારફતે બે પંચોની હાજરીમાં વિગતે પંચનામુ કરી તપાસ અર્થે કબજે કરાવવામાં આવેલ. આ કામે લાગતા વળગતા તમામ સાહેદોના વિગતવારના નિવેદનો નોંધવામાં આવેલા. કબજે થયેલ મુદ્ધામાલની વિગતોની ફોર્વર્ડીંગ નોટ તૈયાર કરી નાયબ પોલીસ અધીક્ષક શ્રી, ભરુચ ડીવીઝન નાઓનુ સત્તા અંગેનુ પ્રમાણપત્ર મેળવી મુદ્ધામાલ તપાસણી અર્થે સુરત મોકલી આપવામાં

આવેલ. આ બનાવ અનુસંધાને ગુન્હાવાળી જગ્યાનો નકશો તૈયાર કરવા સારુ મામલતદારશ્રી, વાગરાને યાદી કરેલ. યાદીના આધારે સર્કલ ઓફિસર,વાગરાએ ગુન્હાવાળી જગ્યાનો નકશો તૈયાર કરી ફોરવર્ડીંગ લેટર સાથે દહેજ પોલીસ સ્ટેશનમાં મોકલતા કામે સામેલ રાખેલ. સદર તપાસના કામે મરણજનારનો સેમસંગ કંપનીનો મોબાઇલ સાહેદ અંકુરભાઇ રાજુભાઇ મારફતે સ્કાય મોબાઇલ, અંકલેશ્વર ખાતે વેચાણ કરેલો અને જે દુકાનના માલિક જમા કરાવવા આવેલ હોય તેનુ પંચનામુ બે પંચોની હાજરીમાં તેમના રુબરુ કરવામાં આવેલ. સદર ગુન્હાના કામે મરણજનારનુ મોત નિપજાવી લાશ કંપાઉન્ડમાં ફેકી દીધેલ જે ગુન્હાવાળી જગ્યાનુ વિડીયો શુટીંગ કરાવેલુ અને તેની ડી.વી.ડી. જમા કરાવવા બાબતનુ વિગતે પંચનામુ બે પંચોની હાજરીમાં તેમના રુબરુ કરવામાં આવેલુ. ગુન્હાવાળી જગ્યાના પંચનામા દરમ્યાન એફ.એસ.એલ. અધિકારીએ આપેલ બનાવ સ્થળની મુલાકાતનો પ્રાથમીક અહેવાલ મેળવી તપાસના કામે સામેલ રાખેલ. તપાસના કામે લાગતાવળગતા મોબાઇલના સી.ડી.આર. મેળવવા નોડલ ઓફિસરને એસ.પી. ઓફિસ દ્વારા યાદી પાઠવવામાં આવેલી. મોબાઇલ નં. ૮૪૬૦૭૬૦૪૯૯ ની મોબાઇલ ડીટેલ્સની પ્રીન્ટ આપવામાં આવેલી અને તે બદલનુ ભારતીયા પુરાવા અધીનીયમની કલમ–૬૫(બી)નું સર્ટીફીકેટ ટાટા ટેલી સર્વીસ દ્વારા આપવામાં આવેલ જે મેળવી તપાસના કામે સામેલ રાખેલ. ત્યારબાદ આરોપીએ સીમ મેળવવા માટે કંપનીમાં રજુ કરેલ ડોક્યુમેન્ટ મેળવી તપાસના કામે સામેલ રાખેલ. તપાસના કામે મોબાઇલ નંબર ૮૪૬૦૭૬૦૪૯૯ ની મોબાઇલ કોલ ડીટેલ્સ કંપનીમાંથી આવી જતા તપાસના કામે સામેલ રાખેલ. મોબાઇલ નંબર ૯૯૨૪૧૩૭૮૫૭ નુ ભારતીય પુરાવા કલમ ની ૬૫(બી) મુજબનુ સર્ટીફીકેટ આઇડીયા સેલ્યુલર લી. માંથી આવતા તે મેળવી તપાસના કામે સામેલ રાખેલ. મોબાઇલ નંબર ૯૯૨૪૧૩૭૮૫૭ ની કસ્ટમર અરજી અને તેની સાથે આધારકાર્ડ કંપનીમાંથી મેળવી તપાસના કામે સામેલ રાખેલ.

મરણજનાર હસનભાઇ શેખના મોબાઇલ નંબર ૯૯૨૪૧૩૭૨૫૭ ની કોલ ડીટેલ્સ મેળવી તપાસના કામે સામેલ રાખેલ. વિશાલ મુકેશભાઇ વૈધનુ કસ્ટમર ફોર્મ કે.વાય.સી. સાથે મેળવી તપાસના કામે સામેલ રાખેલ. મોબાઇલ નં. ૭૦૯૬૩૮૯૩૭૬ ની કોલ ડીટેલ્સ મેળવી તપાસના કામે સામેલ રાખેલ. મોબાઇલ નં.૮૧૨૮૮૪૬૩૧૦ નું ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) નુ સર્ટીફીકેટ મેળવી તપાસના કામે સામેલ રાખેલ. જુનેદ શબ્બીરભાઇનુ એરટેલ કંપનીનુ એપ્લીકેશન ફોર્મ કે.વાય.સી. સાથે કંપનીમાંથી મેળવી તપાસના કામે સામેલ રાખેલ. મોબાઇલ નં.૮૧૨૮૮૪૬૩૧૦ ની કોલ ડીટેલ્સ આવી જતા તે મેળવી તપાસના કામે સામેલ રાખેલ. મોબાઇલ નં. ૮૪૦૧૩૦૨૬૪૧ ની મોબાઇલ કોલ ડીટેલ્સ મેળવી તપાસના કામે સામેલ રાખેલ. પંચનામા દરમ્યાન કબજે કરેલ મુદ્દામાલ રવાનગી પત્રક સાથે એફ.એસ.એલ. સુરત ખાતે પૃથ્થકરણ માટે મોકલી આપેલ. એફ.એસ.એલ. સુરત ખાતેની મુદ્દામાલ રવાનગી પત્રક મળ્યા બદલની પહોંચ મોકલવામાં આવેલ જેને આ કામે સામેલ રાખેલ. આ કામે એફ.એસ.એલ. સુરતખાતેથી મુદ્દામાલ પરિક્ષણ થઇ આવી જતા ફોરવર્ડીંગ લેટર સાથે બાયોલોજી અને સીરોલોજીકલ પરિક્ષણ અહેવાલ મેળવી તપાસના કામે સામેલ રાખેલ. તપાસ પુર્ણ કર્યા બાદ આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા હોય કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

૨૩.૧ બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં જણાવેલ છે કે આ ગુન્હાની ફરિયાદ તેમણે કરેલ છે અને તપાસ પણ તેમણે કરેલ છે. એ હકીકત કબુલેલ છે કે આ ગુન્હાના કામે કોઇ નજરે જોનાર સાહેદ મળી આવેલ નથી. એ હકીકત કબુલેલ છે કે બંને આરોપીઓ એકબીજાની નજીક રહેતા હતા અને એકબીજાને ઓળખતા હતા. ગુજરનાર હસનભાઇ તા.૨૪.૦૨.૨૦૧૭ ના રોજગુમ થયેલા હતા તેની નોંધ તા.૨૫.૦૨.૨૦૧૭ ના રોજ દહેજ પોલીસ સ્ટેશનમાં જાણવાજોગથી

થયેલ છે અને તા.૦૩.૦૪.૨૦૧૭ ના રોજ તેમનું શબ મળી આવેલ જે અંગે દહેજ પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોત નં.૭/૨૦૧૭ દાખલ થયેલ છે. એ હકીકત કબુલેલ છે કે ફરિયાદીએ તેઓની ફરિયાદમાં એવી હકીકત લખાવેલ નથી કે "મારા પતિને જુનેદ ફોન કર્યા કરતો હતો અને કહેતો હતો કે મકાન ભાડે રાખેલા છે તેની ડિપોઝીટ લઈ જાવ. તે મારા પતિને અજાણ્યા ફોન કર્યા કરતો હતો. તા.૨૪.૦૨.૨૦૧૭ ના રોજ જુનેદે મારા પતિને જોલાવામાં આવેલી એક કંપની પાસે બોલાવેલો. જુનેદે મારા પતિને દગાથી મારવા માટે બોલાવેલો. ત્યારબાદ મારા પતિને જુનેદ જોલવા પાસે આવેલ બંધ કંપનીમાં લઈ ગયેલો. બનાવના બે–ત્રણ દિવસ પહેલા પણ જુનેદનો ફોન આવેલો ત્યારે હુ મારા પતિ સાથે હતી અને જુનેદે કહેલુ કે તેમને રૂમ જોઈએ છે."

૨૩.૨ તપાસ કરનાર અધિકારીએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે તેઓએ તપાસ દરમ્યાન ગુજરનારના મોબાઈલની કોલ ડીટેલ્સ તેમજ આરોપીઓના મોબાઈલની કોલ ડીટેલ્સ મેળવેલી. આ કામે આંક-૭૩ થી તપાસ કરનાર અધિકારીએ નોડલ ઓફિસરને મોબાઈલ નં. ૮૧૨૮૮૪૬૩૧૦, ૮૪૬૦૭૬૦૪૯૯ અને ૮૪૦૧૩૦૨૬૪૧ ના સી.ડી.આર.ની માહિતી માંગેલ તેનો પત્ર રજુ થયેલ છે. આંક-૭૪ થી મોબાઈલ ફોન નં. ૮૪૬૦૭૬૦૪૯૯ સંદર્ભે પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી) નું પ્રમાણપત્ર રજુ થયેલ છે. આંક-૭૫ થી આરોપી નં. ૧ બેલીમ જુનેદ મોબાઈલ ફોનનું સીમકાર્ડ મેળવવા માટેના કસ્ટમર એપ્લીકેશન ફોર્મની નકલ અને તેની સાથે ચુંટણી પંચના ઓળખ પત્રની નકલ રજુ થયેલ છે. જે વંચાણે લેતાં આરોપી નં. ૧ નાએ મોબાઈલ ફોનનું સીમકાર્ડ મેળવવા અરજી કરેલ હોવાનું જણાય છે, પરંતુ આરોપી નં. ૧ ને કયા નંબરનું સીમકાર્ડ ફાળવી આપેલ તે

જણાઇ આવતુ નથી. આંક-૭૬ થી મોબાઇલ ફોન નં. ૮૪૬૦૭૬૦૪૯૯ ની કોલ ડીટેલ્સ રજુ કરવામાં આવેલ છે. પરંતુ આ નંબર કોને ફાળવવામાં આવેલ છે તે જણાઇ આવતુ નથી. આંક-૭૭ થી મોબાઇલ ફોન નં. ૯૯૨૪૧૩૭૮૫૭ સંદર્ભે પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી) નું પ્રમાણપત્ર રજુ થયેલ છે તેમજ આંક-૭૯ થી ૯૯૨૪૧૩૭૮૫૭ ની કોલ ડીટેલ્સ રજુ કરવામાં આવેલ છે. ફરિયાદ પક્ષના કેસ મુજબ આ મોબાઇલ નંબર ૯૯૨૪૧૩૭૮૫૭ ગુજરનારનો હતો. પરંતુ આ મોબાઇલ નંબર ૯૯૨૪૧૩૭૮૫૭ ગુજરનારનો હતો તે દર્શાવતો કોઇ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ થયેલ નથી. આંક-૭૮ થી મોબાઇલ ફોનનું સીમકાર્ડ મેળવવા માટેના કસ્ટમર એપ્લીકેશન ફોર્મની નકલ અને તેની સાથે ચુંટણી પંચના ઓળખ પત્રની નકલ રજુ થયેલ છે. જે વંચાણે લેતાં રાજુ કુમાર હરેન્દ્ર નામની વ્યકિતએ સીમકાર્ડ મેળવવા અરજી કરેલ હોવાનું જણાય છે. પરંતુ આ રાજુકુમાર હરેન્દ્ર નામની વ્યકિત કોણ છે અને તેઓને કયા નંબરનું સીમકાર્ડ ફાળવવામાં આવેલ છે તે રેકર્ડ ઉપર આવેલ નથી. આંક-૭૯ થી મોબાઇલ ફોન નં. ૭૦૯૬૩૮૯૩૭૬ ની કોલ ડીટેલ્સ રજુ કરવામાં આવેલ છે. આંક-૮૩ થી આરોપી નં. ૧ બેલીમ જુનેદની એરટેલ કંપનીના કસ્ટમર એપ્લીકેશન ફોર્મની નકલ રજુ કરવામાં આવેલ છે. પરંતુ આરોપીને કયા નંબરનું સીમકાર્ડ ફાળવવામાં આવેલ તે રેકર્ડ ઉપર રજુ થયેલ નથી તેમજ ફોન નં. ૭૦૯૬૩૮૯૩૭૬ આરોપી નં. ૧ નાઓ ધરાવતા હતા તેવું પણ રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાથી જણાઇ આવતુ નથી. આંક-૮૨ થી મોબાઇલ ફોન નં.૮૧૨૮૮૮૪૬૩૧૦ સંદર્ભે પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી) નું પ્રમાણપત્ર રજુ થયેલ છે તેમજ ૮૧૨૮૮૮૪૬૩૧૦ ની કોલ ડીટેલ્સ રજુ થયેલ છે. પરંતુ આ નંબરનું સીમકાર્ડ કોના નામે હતુ તે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાથી જાણી શકાતુ નથી. આંક-૮૫ થી મોબાઇલ નં.૮૪૦૧૩૦૨૬૪૧ ની કોલ ડીટેલ્સ રજુ થયેલ છે. ફરિયાદ પક્ષના કેસ મુજબ આ નંબર આરોપી નં. ૨ નો હતો. પરંતુ આ નંબર આરોપી નં. ૨ નાઓ ધરાવતા

હતા તે અંગે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાથી જણાઈ આવતુ નથી. આમ, આ કામે રજુ થયેલ કોલ ડીટેલ્સની માહિતીના આધારે તા.૨૪.૦૨.૨૦૧૭ ના રોજ કે તે અરસામાં આરોપીઓ અને ગુજરનારની વચ્ચે કોઇ વાતચીત થયેલ હોવાનું કે ગુજરનાર અને આરોપીઓ સાથે હતા તેવું સ્પષ્ટપણે જણાતુ નથી. આ ઉપરાંત તેઓ વચ્ચે શું વાતચીત થઇ તેવું પણ કહી શકાય તેમ નથી. વધુમાં ગુજરનારને છેલ્લો ફોન આ કામના આરોપીઓ ધ્વારા કરવામાં આવેલ હોય અને ગુજરનાર પોતાના ઘરેથી નીકળીને આરોપીઓને મળવા ગયા હોય તે અંગેનો કોઇ વિશ્વસનીય અને શંકારહિતનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આ કામે તપાસવામાં આવેલા તમામ પંચો ફરી ગયા છે અને પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી. આ કામના આરોપીઓ પાસેથી રીકવરી કે ડિસ્કવરી થયેલ હોવાની હકીકતોને પંચોની જુબાનીઓથી સમર્થન મળતુ નથી.

૨૩.૩ ફરિયાદ પક્ષ તરફે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો જોતાં, ફરિયાદીના પતિ તા.૨૪.૦૨.૨૦૧૭ ના રોજ ગુમ થયા હતા. ફરિયાદીએ તા.૨૫.૦૨.૨૦૧૭ ના રોજ તેઓના પતિ ગુમ થયા બાબતની જાણવા જોગ ફરિયાદ આપેલી જે જાણવા જોગ નં.૨/૨૦૧૭ થી દહેજ પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવેલી. ત્યારબાદ દહેજ પોલીસ સ્ટેશનની હદમાં એક બીનવારસી લાશ મળી આવતા અકસ્માત મોત નં.૭/૨૦૧૭ થી તા.૦૩.૦૪.૨૦૧૭ ના રોજ નોંધ કરી લાશના અંતિમ સંસ્કાર કરવામાં આવેલ. તા.૨૫.૦૨.૨૦૧૭ ના રોજ ફરિયાદીના પતિ ગુમ થયાની દહેજ પોલીસ સ્ટેશનમાં અરજી/ફરિયાદ કરવામાં આવેલ હોવા છતાં તા.૦૩.૦૪.૨૦૧૭ ના રોજ દહેજ પોલીસ સ્ટેશનની હદમાંથી લાશ મળી આવેલ હોવા છતાં જાણવા જોગ નં.૨/૨૦૧૭ ની પોલીસ સ્ટેશનમાં નોંધ થયેલ હોય તેની તપાસ કર્યા સિવાય લાશના અંતિમ સંસ્કાર કરી નાંખવામાં આવેલ હોવાનું જણાય છે. આ ઉપરાંત આંક-પર થી બીનવારસી મળી આવેલ લાશનું પોસ્ટ મોર્ટમ કરનાર મેડીકલ ઓફિસર ડો.રાકેશકુમારના આંક-પર ના પુરાવા મુજબ

ડેડ બોડી આખી સડી ગયેલી હતી, કોહવાઇ ગયેલ હતી અને ચામડી નીકળી ગયેલ હતી તેમજ લાશ ઓળખી શકાય તેવી ન હતી. જાણવા જોગ નં. ૨/૨૦૧૭ પછી આજદિન સુધી ફરિયાદીના પતિ મળી આવેલ નથી. વધુમાં ફરિયાદીનો પુરાવો જોતાં તેઓએ તેમના પતિના કપડા, કમરપટ્ટો, કાંડા ઘડીયાળ તેમજ મની પર્સ ઓળખી બતાવેલ છે. આ ઉપરાંત ફરિયાદીએ તેમના પતિના ચપ્પલ પણ ઓળખી બતાવેલ છે. જેથી શબ ફરિયાદીના પતિનું હોવાનું માનવાને કારણ રહે છે.

(૨૪) આ કામે આંક–૮૯ થી એફ.એસ.એલ.નો બાયોલોજી પરીક્ષણ અહેવાલ અને આંક–૯૦ થી એફ.એસ.એલ.નો સીરોલોજીકલ પૃથ્થકરણ અહેવાલ રજુ થયેલ છે. પરંતુ ગુજરનારનું લોહી કયા જુથનું હતુ તે અંગેનો કોઇ પુરાવો રજુ થયેલ નથી. આ ઉપરાંત આરોપીઓએ બનાવ વખતે પહેરેલ કપડા ઉપરથી લોહી મળી આવેલ હોવાનું જણાતુ નથી. આ ઉપરાંત બનાવવાળી જગ્યાએથી કબજે લેવામાં આવેલ ચપ્પલ તેમજ લાશ તેમજ પેન્ટ, કમરપટ્ટો તથા કાંડા ઘડીયાળ ઉપરથી પણ લોહીની હાજરી મળી આવેલ હોવાનું જણાતુ નથી. વધુમાં ગુન્હામાં વપરાયેલ કુહાડી ઉપરથી પણ લોહીની હાજરી મળી આવેલ હોવાનું જણાતુ નથી. વધુમાં આ કામે તપાસવામાં આવેલા તમામ પંચો ફરી ગયા છે અને પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી અને પંચોની જુબાનીઓથી પંચનામા પુરવાર થયેલ નથી. વધુમાં તા.૨૪.૦૨.૨૦૧૭ ના રોજ એટલે કે બનાવના દિવસે ગુજરનાર આરોપીઓના બોલાવવાથી ગયા હતા અને ગુજરનાર છેલ્લે આરોપીઓ સાથે હતા કે ગુજરનારને છેલ્લે આરોપીઓ સાથે કોઇએ જોયેલ હતા તે અંગેનો કોઇ વિશ્વસનીય અને સ્વીકારવાપાત્ર પુરાવો રજુ થયો નથી. ઉપર ચર્ચા કર્યા મુજબ આ કામના આરોપીઓ સામે શંકા ઉપસ્થિત કરવામાં આવેલ છે, પરંતુ શંકા ગમે તે તેટલી મજબુત હોય પણ તે પુરાવાનું સ્થાન લઇ શકે નહી. ફરિયાદ પક્ષ તરફથી જે પુરાવો રજુ થયેલ છે તેનાથી સાંયોગીક પુરાવાની સાંકળની

કડીઓ એકબીજા સાથે અતુટ રીતે જોડાતી નથી. આ કામે તપાસ કરનાર અધિકારીએ તપાસ દરમ્યાન જે કોલ ડીટેલ્સ મેળવેલ છે તેનાથી પણ આરોપીઓ અને ગુજરનાર વચ્ચે બનાવના દિવસે વાતચીત થયેલ હોવાનું નિ:શંકપણે પુરવાર થતુ નથી. આ કામે બનાવ બનતા કોઇએ નજરે જોયેલ નથી, છેલ્લે સાથે જોયેલા તેવા કોઇ સાહેદ નથી, આરોપીઓની પોલીસ સિવાય અન્ય કોઇની સમક્ષની બાહય ન્યાયીક કબુલાતો નથી. આરોપીઓની જે કબુલાત છે તે પોલીસ સમક્ષની કબુલાતો છે અને પોલીસ સમક્ષની કબુલાતો પુરાવામાં ગ્રાહય નથી અને તેની ઉપર આધાર રાખીને આરોપીઓને આક્ષેપીત ગુન્હામાં તકસીરવાર ઠરાવી શકાય નહી. આમ, ફરિયાદ પક્ષ તરફે જે પુરાવો રજુ થયેલ છે તે આરોપીઓને આક્ષેપીત ગુન્હામાં તકસીરવાન ઠરાવવા માટે પુરતો હોય તેવું આ અદાલતને જણાતુ નથી. આ કામે બનાવ વખતે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથીયારબંધીનું જાહેરનામુ અમલમાં હતુ તે દર્શાવવા જાહેરનામાની નકલ રજુ કરવામાં આવેલ નથી.

(૨૫) ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં આ કામના આરોપીઓએ મકાન ભાડે અપાવવાની દલાલીના ધંધાની રીસ રાખી ગુજરનાર હસનભાઇને મારી નાંખવા માટેનું કાવતરૂ રચી ગુજરનારને ફોન કરીને બોલાવી આરોપી નં.૧ નાએ પોતાની પાસે રહેલ કુહાડી વડે મરણજનાર ઉપર હુમલો કરી બે–ત્રણ કુહાડીના ફટકા મારી અને તે સમયે આરોપી નં.૨ નાએ મરણ જનારને પાછળથી પકડી રાખી ગુજરનારનું મોત નિપજાવી ખુન કરી પુરાવાનો નાશ કરવાના ઈરાદે લાશને ફેંકી દઈ ગુન્હો કરેલ હોવાનું વિશ્વસનીય, સ્વીકારવાપાત્ર અને શંકારહિતના પુરાવાથી સમર્થન મળતુ નથી. ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં ફરિયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ **મુદ્દા નંબર : ૧ અને ૨ નો નિર્ણય નકારમાં** આપી, મુદ્દા નં. ૩ પરત્વે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## -:: હુકમ ::-

૧. ક્રિ.પ્રો.કોડની કલમ-૨૩૫(૧) અન્વયે આ કામના આરોપીઓને ઈ.પી.કોડની કલમ-૩૦૨,૨૦૧,૧૨૦(બી) તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુ.આ.નં.૧૭ ની મોટરસાયકલ નં. જી.જે.૧૬.બીઆર.૦૭૭૧ તેમજ મુ.આ.નં.૨૧ નો સેમસંગ મોબાઈલ વાગરાના વિ.એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ અરજદારોને વચગાળાની કસ્ટડીમાં સોંપવાનો હુકમ તા.૧૭.૦૬.૨૦૨૫ ના રોજ કરેલ છે તે હુકમ કાયમ રાખવામાં આવે છે.

૨.૧ મુ.આ.નં.૧૪ અને ૧૫ ના મોબાઈલ આરોપી નં. ૧ જુનેદને તેમજ મુ.આ.નં.૧૮ વાળો મોબાઈલ આરોપી નં. ૨ કલ્પેશને અપીલ સમય બાદ સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

૨.૨ મુ.આ.નં.૧૬ ની મોટરસાયકલ નં. જી.જે.૧૬.બીએફ.૦૨૩૦ પોલીસ સ્ટેશનમાં હોઈ મોટરસાયકલ અંગે ભરૂચના વિ.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ તપાસ કરી તે અંગે નિર્ણય કરવો તેવો હુકમ કરવામાં આવે છે.

૨.૩ મુ.આ.નં.૨૨ વાળી ડી.વી.ડી. રેકર્ડ સાથે રાખવાનો હુકમ કરવામાં આવે છે.

૨.૪ અપીલ સમય બાદ બાકીના બીનકિંમતી મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. ક્રિ.પ્રો.કોડની કલમ-૩૫૭(ક) મુજબ ગુજરનારના આશ્રિતને યોગ્ય વળતર મળે તે માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ભરૂચને ભલામણ કરવામાં આવે છે.

૪. પ્રત્યેક આરોપીએ ક્રિ.પ્રો.કોડ,૧૯૭૩ની કલમ–૪૩૭(એ) મુજબ રૂા.૧૫,૦૦૦/– ના છ માસના સમયગાળા માટેના જામીન આપવા તેવો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૨૩મી માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૩.૦૬.૨૦૨૬
સ્થળ : ભરૂચ

**( રાજેશ કરમારસિંહ દેસાઇ )**
સેસન્સ જજ, ભરૂચ
કોર્ડ નં. જી.જે.૦૦૯૧૨

ના.સર્વોચ્ચ અદાલત સમક્ષની ક્રિમીનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૩ – મનોજભાઇ જેઠાભાઇ પરમાર (રોહિત) વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદા મુજબ રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા અને મુદ્દામાલની વિગતો નીચે મુજબ છે.

ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવા :</u>**

| અ.નં. | આંક | સાહેદનું નામ | સાહેદની વિગત |
|---|---|---|---|
| ૧ | ૩૦ | હાફેઝાબેન હસનભાઈ શેખ | ફરિયાદી |
| ૨ | ૩૨ | વિનોદભાઈ મંગુભાઈ રાઠોડ | મરણોત્તર પંચનામાના તેમજ જે જગ્યાએ લાશ પડેલ હતી તે જગ્યાના પંચનામાના પંચ |
| ૩ | ૩૫ | સંજયભાઈ માધવભાઈ રાઠોડ | ‘’ |
| ૪ | ૩૬ | નિલેષભાઈ સોમાભાઈ પરમાર | ગુજરનારના કપડા, કમરપટો, ઘડીયાળની ઓળખ કર્યાના તથા આરોપીઓએ ગુન્હાવાળી જગ્યા બતાવેલ તેના પંચનામાના પંચ |
| ૫ | ૪૧ | મુબારકભાઈ દાઉદભાઈ | ‘’ |

| | | | |
|---|---|---|---|
| ૬ | ૪૨ | મહેશભાઈ હરિભાઈ ગોહિલ | આરોપી નં. ૧ નાએ જેઓ પાસેથી મોટરસાયકલ લીધેલ તેઓની જગ્યા તથા ગુજરનારનું એ.ટી.એમ. કાર્ડ, લાઇટ બીલ જે જગ્યાએ સળગાવી દીધેલ તે જગ્યા બતાવતા તે અંગે કરવામાં આવેલ પંચનામાના તેમજ આરોપી નં. ૨ પાસેથી કુહાડી ડિસ્કવર કર્યાના પંચનામાના પંચ |
| ૭ | ૪૬ | ઐયુબભાઈ મહંમદભાઈ ગજ્જુ | ગુન્હાવાળી જગ્યાના પંચનામા ના તેમજ આરોપીઓને અટક કરી કપડા કબજે કર્યાના પંચનામાના પંચ |
| ૮ | ૫૧ | ગોવિંદભાઇ રાયસંગભાઇ ગોહીલ | આરોપી નં. ૧ નાએ જેઓ પાસેથી મોટરસાયકલ લીધેલ તેઓની જગ્યા તથા ગુજરનારનું એ.ટી.એમ. કાર્ડ, લાઇટ બીલ જે જગ્યાએ સળગાવી દીધેલ તે જગ્યા બતાવતા તે અંગે કરવામાં આવેલ પંચનામાના પંચ |
| ૯ | ૫૨ | ડો. રાકેશકુમાર દરમણીયા વસાવા | લાશનું પોસ્ટ મોર્ટમ કરનાર મેડીકલ ઓફિસર |
| ૧૦ | ૫૬ | રાજભા હિંમતસિંહ રાજ | ગુજરનારની મોટરસાયકલ, પર્સ અને ગુજરનારના ફોટાની ઓળખ કર્યા અંગેના પંચનામાના પંચ |
| ૧૧ | ૫૮ | શંકરભાઇ ઉર્ફે જશુભાઇ રાઠોડ | ડી.વી.ડી. કબજે કર્યાના પંચનામાના પંચ |
| ૧૨ | ૫૯ | રહીમભાઈ ઈબ્રાહીમભાઈ ગરાસીયા | જાણવા જોગના કામે આરોપીઓ ની કબુલાત, આરોપીઓએ બતાવેલ ગુન્હાવાળી જગ્યા અને ત્યાંથી મળી આવેલ ચપ્પલની ઓળખ ફરિયાદી પાસે કરાવ્યાના પંચનામાના પંચ |
| ૧૩ | ૬૨ | શકીલખાન ઈકરારખાન ખાને | આરોપી નં.૨ પાસેથી મોટરસાયકલ તેમજ મોબાઈલ ડિસ્કવરીના પંચનામાના પંચ |
| ૧૪ | ૬૪ | દશરથભાઈ ઠાકોરભાઈ | સાહેદ ઇમ્તીયાઝભાઇ પાસેથી |

| | | | |
|---|---|---|---|
| | | ગોહીલ | કબજે કરેલ મોબાઇલ ફોનના પંચનામાના પંચ |
| ૧૫ | ૬૫ | શંકરભાઈ કેસરભાઇ ઓડ | ગુજરનારની મોટરસાયકલ, પર્સ અને ગુજરનારના ફોટાની ઓળખ કર્યા અંગેના પંચનામાના પંચ |
| ૧૬ | ૬૬ | ભરતભાઇ જલાભાઈ મારૂ | સાહેદ |
| ૧૭ | ૬૭ | ભારતસિંહ રણજીતસિંહ ગોહીલ | તપાસ કરનાર અધિકારી |

<u>**દસ્તાવેજી પુરાવા :**</u>

| અ. નં. | આંક | દસ્તાવેજની વિગત | કોણે પુરવાર/ સાક્ષ્યાંકિત કર્યો |
|---|---|---|---|
| ૧ | ૩૧ | ફરિયાદ | સાહેદ નં.૧ (આંક–૩૦) |
| ૨ | ૩૩ | ઈન્કવેસ્ટ પંચનામુ | સાહેદ નં.૨ (આંક–૩૨) તેમજ સાહેદ નં.૩ (આંક–૩૫) |
| ૩ | ૩૪ | જે જગ્યાએથી લાશ મળી આવેલ તે જગ્યાનું પંચનામુ | સાહેદ નં.૨ (આંક–૩૨) તેમજ સાહેદ નં.૩ (આંક–૩૫) |
| ૪ | ૩૭ | અ.મોત નં.૭/૨૦૧૭ ના કામે લાશ ઉપરના કપડા, કમરપટ્ટો, ઘડીયાળની ઓળખ કર્યાનુ પંચનામુ | સાહેદ નં.૪ (આંક–૩૬) તેમજ સાહેદ નં.૫ (આંક–૪૧) |
| ૫ | ૩૮ | આરોપીઓએ બતાવેલ ગુન્હા વાળી જગ્યાનું અને ત્યાંથી કબજે લીધેલ નમુના પંચનામુ | સાહેદ નં.૪ (આંક–૩૬) તેમજ સાહેદ નં.૫ (આંક–૪૧) |
| ૬ | ૪૪ | આરોપી નં. ૧ નાએ જેઓ પાસેથી મોટરસાયકલ લીધેલ તેઓની જગ્યા તથા ગુજરનારનું એ.ટી.એમ. કાર્ડ, લાઇટ બીલ જે જગ્યાએ સળગાવી દીધેલ તે જગ્યા બતાવતા તે અંગે કરવામાં આવેલ પંચનામુ | સાહેદ નં.૬ (આંક–૪૨) તેમજ સાહેદ નં. ૮ (આંક–૫૧) |
| ૭ | ૪૫ | આરોપી નં. ૨ પાસેથી કુહાડી ડિસ્કવર કર્યાનું પંચનામુ | ‘’ |

| | | | |
|---|---|---|---|
| ૮ | ૪૭ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | સાહેદ નં.૭ (આંક–૪૬) |
| ૯ | ૪૮ | આરોપી જુનેદને અટક કરી કપડા કબજે કર્યાનુ પંચનામુ | ‘’ |
| ૧૦ | ૫૩ | પોસ્ટ મોર્ટમ કરી સર્ટીફીકેટ આપવા મેડીકલ ઓફિસરશ્રીને લખેલ યાદી | સાહેદ નં.૯ (આંક–૫૨) |
| ૧૧ | ૫૪ | પોસ્ટ મોર્ટમ રીપોર્ટ | ‘’ |
| ૧૨ | ૫૭ | ગુજરનારની મોટરસાયકલ, પર્સ અને ગુજરનારના ફોટાની ઓળખ કર્યાના અંગેનું પંચનામું | સાહેદ નં.૧૦ (આંક–૫૬) |
| ૧૩ | ૬૦ | જાણવા જોગ નં.૬૨/૨૦૧૭ ના કામે આરોપીઓની કબુલાત, ગુન્હાવાળી જગ્યા અને ગુન્હાવાળી જગ્યાએથી મળી આવેલ ચંપલની ફરિયાદી સમક્ષ ઓળખ કરાવ્યાનું પંચનામુ | સાહેદ નં.૧૨ (આંક–૫૯) |
| ૧૪ | ૬૩ | આરોપી નં. ૨ પાસેથી મોટરસાયકલ તેમજ મોબાઇલ ડિસ્કવરીનું પંચનામુ | સાહેદ નં. ૧૩ (આંક–૬૨) |
| ૧૫ | ૬૮ | સર્કલ ઓફિસરને ગુન્હાવાળી જગ્યાનો નકશો તૈયાર કરવા લખેલ યાદી | સાહેદ નં.૧૭ (આંક–૬૭) |
| ૧૬ | ૬૯ | સર્કલ ઓફિસરનો પત્ર તથા ગુન્હાવાળી જગ્યાનો નકશો | ‘’ |
| ૧૭ | ૭૦ | ગુજરનારનો મોબાઈલ કબજે લીધાનુ પંચનામુ | ‘’ |
| ૧૮ | ૭૧ | ગુનાવાળી જગ્યાનુ વીડીયો શુટીંગ કરાવી તેની ડી.વી.ડી. બનાવી તે કબજે લીધાનું પંચનામુ | ‘’ |
| ૧૯ | ૭૨ | સ્થળ પરીક્ષણ અહેવાલ | ‘’ |
| ૨૦ | ૭૩ | મોબાઈલ નંબરના સી.ડી.આર.ની વિગતોના પત્ર | ‘’ |
| ૨૧ | ૭૪ | પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) ના પ્રમાણપત્ર | ‘’ |
| ૨૨ | ૭૫ | આરોપી નં.૧ ના સીમકાર્ડ મેળવવા માટેના એપ્લીકેશન ફોર્મ | ‘’ |

| | | | |
|---|---|---|---|
| | | અને તેની સાથેની ઓળખ પત્ર | |
| ૨૩ | ૭૬ | મોબાઈલ કોલ ડીટેલ્સ | ‘’ |
| ૨૪ | ૭૭ | પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) ના પ્રમાણપત્ર | ‘’ |
| ૨૫ | ૭૮ | આરોપી નં.૨ ના સીમકાર્ડ મેળવવા માટેના એપ્લીકેશન ફોર્મ અને તેની સાથેની ઓળખ પત્ર | ‘’ |
| ૨૬ | ૭૯ | મોબાઈલ કોલ ડીટેલ્સ | ‘’ |
| ૨૭ | ૮૦ | વિશાલભાઈ મુકેશભાઈ વૈદના સીમકાર્ડ મેળવવા માટેના એપ્લીકેશન ફોર્મ અને તેની સાથેના ઓળખ પત્ર | ‘’ |
| ૨૮ | ૮૧ | મોબાઈલ કોલ ડીટેલ્સ | ‘’ |
| ૨૯ | ૮૨ | પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) ના પ્રમાણપત્ર | ‘’ |
| ૩૦ | ૮૩ | આરોપી નં.૧ ના સીમકાર્ડ મેળવવા માટેના એપ્લીકેશન ફોર્મ અને તેની સાથેની ઓળખ પત્ર | ‘’ |
| ૩૧ | ૮૪ | મોબાઈલ કોલ ડીટેલ્સ | ‘’ |
| ૩૨ | ૮૫ | મોબાઈલ કોલ ડીટેલ્સ | ‘’ |
| ૩૩ | ૮૬ | મુદ્દામાલ રવાનગી પત્રક | ‘’ |
| ૩૪ | ૮૭ | મુદ્દામાલ મળ્યા બદલની એફ.એસ.એલ.ની પહોંચ | ‘’ |
| ૩૫ | ૮૮ | એફ.એસ.એલ.ના પત્ર | ‘’ |
| ૩૬ | ૮૯ | એફ.એસ.એલ.ના બાયોલોજી પરીક્ષણના અહેવાલ | ‘’ |
| ૩૭ | ૯૦ | એફ.એસ.એલ.ના સીરોલોજીકલ પૃથ્થકરણ અહેવાલ | ‘’ |

**આરોપીઓ તરફે આ કામે કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ થયેલ નથી.**

**<u>મુદ્દામાલની વિગત</u>**

| અ.નં. | મુદ્દામાલની વિગત | કોણે પુરવાર/ |
|---|---|---|

| | | |
|---|---|---|
| | | સાક્ષ્યાંકિત કર્યો |
| ૧ | એક આછા ગ્રે કલરનો સફેદ લાઈનીંગ વાળો આખી બાયનો શર્ટ | સાહેદ નં. ૨ (આંક–૩૨) |
| ૨ | એક કાળા કલરનુ જુનુ મેલુ પેન્ટ | ‘’ |
| ૩ | એક કાળો કમરપટ્ટો | ‘’ |
| ૪ | ટાઈમેકસ કંપનીની કાળા પટાવાળી કાંડા ઘડીયાળ | ‘’ |
| ૫ | જૂના ચામડાના કોફી કલરના બાટા કંપનીના ચંપલ (એક જોડ) | સાહેદ નં. ૧૨ (આંક–૫૯) |
| ૬ | એક પ્લા.ની ડબ્બીમાં આશરે ૧૦૦ ગ્રામ જેટલુ રેતી, કપચી, ક્રોંકીટ નિશ્ચિત લોહીવાળુ સીલબંધ | સાહેદ નં.૭ (આંક–૪૬) |
| ૭ | એક સીલ બંધ ડબ્બીમાં આશરે ૧૦૦ ગ્રામ જેટલુ રેતી,કપચી, ક્રોંકીટ નિશ્ચિત સેમ્પલ કંટ્રોલ | ‘’ |
| ૮ | આરોપી જુનેદે પહેરેલ ઈંગ્લીશ કલરનો લાઈનીંગ વાળો ટીશર્ટ | ‘’ |
| ૯ | આરોપી જુનેદે પહેરેલ રાખોડી કલર જેવો હાફ પેન્ટ | ‘’ |
| ૧૦ | આરોપી કલ્પેશે પહેરેલ આછા લીલા કલરનું આખી બાયનુ ટીશર્ટ | ‘’ |
| ૧૧ | આરોપી કલ્પેશે પહેરેલ આછા કાળા કલરનું જીન્સ પેન્ટ | ‘’ |
| ૧૨ | રૂ નુ પુમડું | સાહેદ નં.૪ (આંક–૩૬) તેમજ સાહેદ નં.૫ (આંક–૪૧) |
| ૧૩ | રૂ ના પુમડાનુ કંટ્રોલ સેમ્પલ | ‘’ |
| ૧૪ | જીઓની કંપનીનો કાળા કલરનો મોબાઈલ | સાહેદ નં.૬ (આંક–૪૨) |
| ૧૫ | કોમફલાય કંપનીનો મોબાઈલ | ‘’ |
| ૧૬ | સ્પલેન્ડર મોટરસાયકલ જી.જે.–૧૬–બીએફ–૦૨૩૦ | પોલીસ સ્ટેશનમાં જમા છે. |
| ૧૭ | હીરો સ્પેલ્ન્ડર મોટરસાયકલ જી.જે.–૧૬–બીઆર– ૦૭૭૧ | વચગાળાની કસ્ટડીમાં સોંપેલ છે. |

| | | |
|---|---|---|
| ૧૮ | જીઓની કંપનીનો કાળો મોબાઈલ | સાહેદ નં. ૧૫ (આંક–૬૫) |
| ૧૯ | ચોકલેટ કલરનુ પાકીટ | ‘’ |
| ૨૦ | કુહાડી | સાહેદ નં.૬ (આંક–૪૨) |
| ૨૧ | સેમસંગ કંપનીનો મોબાઈલ | વચગાળાની કસ્ટડીમાં સોંપેલ છે. |
| ૨૨ | ડીવીડી | સાહેદ નં.૧૭ (આંક–૬૭) |

તારીખ : ૨૩.૦૬.૨૦૨૬
સ્થળ : ભરૂચ

**( રાજેશ કરમારસિંહ દેસાઇ )**
સેસન્સ જજ, ભરૂચ
કોર્ડ નં. જી.જે.૦૦૯૧૨